# આપણી અણમોલ સંપદા

અશ્વિન મહેતા

GJ 891.478
M 474 A

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# આપણી અણમોલ સંપદા

અશ્વિન મહેતા

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા ૩૯૦૦૦૧.

દસ રૂપિયા

© અશ્વિન મહેતા

તુલસી, તીથલ-૩૯૬૦૦૬, જિ. વલસાડ

ગુજરાતી સાહિત્ય પરિષદના 'પરબ' (મે ૨૦૦૫) માસિકમાં છપાયેલો લેખ
('અતિચર્વિત શબ્દ : અરૂઢ અર્થ'), લેખકે કરેલા સુધારા-વધારા સાથે,
સાભાર પુનર્મુદ્રિત. આ પુસ્તિકાનો પાઠ આખરી ગણવો.

130281
10-9-2010
GJ
891.478
M474A

પ્રથમ આવૃત્તિ
જુલાઈ ૨૦૦૫ : પ્રત ૫૦૦

પુનર્મુદ્રણ
સપ્ટેમ્બર ૨૦૦૫ : પ્રત ૧,૦૦૦

Library IIAS, Shimla
GJ 891.478 M 474 A
00130281

પ્રકાશક
જગદીશ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ હુજરાતપાગા વડોદરા ૩૯૦૦૦૧.

મુદ્રક
મધુ પેકેજિંગ કારેલીબાગ વડોદરા ૩૯૦૦૧૮.

# પ્રકાશકીય

'પરબ'માં અશ્વિનભાઈનો આ લેખ વાંચ્યો, ત્યારે સહજ ઇચ્છા થઈ કે આ વાત તો ઘણા મિત્રો સાથે વહેંચવા - વિચારવા જેવી છે. એક સામયિક લેખ કરતાં તેમાં ઘણું એવું છે, જેનો વ્યાપક પ્રસાર થવો જોઈએ. તેથી આને એક નાનકડી પુસ્તિકા રૂપે પ્રકાશિત કરવાનું મુનાસિબ માન્યું છે.

લેખકે કહ્યું છે તેમ, આ લેખનું વિચાર-બીજ એમને અંગ્રેજી માધ્યમને કારણે આપણી ભાષાથી તેમજ આપણા તળપદા વિચારભાવથી વંચિત રહી ગયેલા એક પોયરાની દાસ્તાનથી મળ્યું છે. લેખક દાઝ્યા, એમના ચિત્તમાં અકળામણ થઈ : ''ભાષા ગઈ એટલે વિચાર ગયો, સંસ્કાર ગયા, સંસ્કૃતિ ગઈ, સાહિત્ય-સંગીત-કળાના ભાવદેહને 'કેન્સર' થયું. 'સ્વ'માં કેન્દ્રિત થવાની આત્માનુભૂતિની શકિત તો સમૂળી ગઈ. નાભિનું સ્થાન મગજે લીધું. .....(અહીંની ધરતી સાથે સંકળાયેલી) અનેકાનેક કથાઓમાંથી અર્થ, બોધ ને છેવટે ભાવનું સત્ત્વ નિચોવાઈ ગયું. .....આપણું બધું અવૈજ્ઞાનિક ને વહેમ બની ગયું !..... અંગ્રેજી-અજગરના ભરડામાં ભલભલાનાં હાડકાં તૂટી ગયાં.''

—આ બધું આજની અળખામણી વાસ્તવિકતા વિશે આપણને ચિંતા-ચિંતન કરવા અને ગંભીર વિચારણા કરવા મજબૂર કરે એવું છે. લેખકનું મર્માળું વાકય —''આજનાં નંદ-જશોદા પોતાનો કૃષ્ણ પૂતનાને જ ધાવે એવો આગ્રહ રાખે છે'' —સહુ કોઈ વિચારવાન વાચકોનાં મર્મસ્થાનને વીંધે એવું છે. સવાલ આપણી હજારો વરસથી સંચિત એવી અણમોલ સંપદાને સાચવવાનો છે.

આ જ સંદર્ભમાં લેખક આપણી ભાષાના કેટલાક અધ્યાત્મ-વિષયક શબ્દોના મૂળ સ્રોતોની તર-તપાસ તરફ વળે છે. આપણે ત્યાં અધ્યાત્મ ક્ષેત્રે ઘણું ઊંડું ખેડાણ થયું છે તથા આધ્યાત્મિક સાધના સંબંધિત ઘણા શબ્દો ભાષામાં રૂઢ થયા છે. તે શબ્દો ઘણા ચલણી છે અને તેના ચલણી

અર્થો પણ આપણા સમાજમાં રૂઢ થયા છે. આમાંના કેટલાક શબ્દો તો બહુ જ ચવાઈ ગયા છે અને અત્યંત ઘસાઈ ગયેલા સિક્કાની જેમ પોતાની અસલ મુદ્રા ગુમાવી બેઠા છે. તેને કારણે તે શબ્દોના સંકીર્ણ ને સંકુચિત અર્થો, અને ક્યારેક તો વિપરીત અર્થો, આજે લોકમાનસમાં રૂઢ થઈ ગયા છે. આવે વખતે આ બધા શબ્દોનાં મૂળમાં જઈને એમને એમના અસલ પરિશુદ્ધ અર્થ સાથે સમજવા, એ બહુ મોટું ઉપકારક ને અનિવાર્ય કામ છે. અહીં લેખકે આ માટે પ્રશસ્ય કોશિશ કરી છે.

આમાં નીતરી સમજ છે, મર્મગ્રાહી દૃષ્ટિ છે, સાધનાની ઊલટ છે. લેખકે કહી દીધું છે કે આ મારું સ્વ-ઉપાર્જિત ધન નથી, પણ ગુરુજનો પાસેથી મેળવેલું છે. એ ખરું, પણ તે એમણે સભાનપણે ઝીલેલું અને સુપેરે જાળવેલું વિચાર-ધન છે તથા સાધક-સેવક માટે અણમોલ એવી સંપદા છે. આ નાનકડી પુસ્તિકા આપણને સહુને આ સંપદાના સુચારુ સંગોપન-સંવર્ધન માટે સજગ, સતર્ક ને સક્રિય રાખે, એ જ અભિપ્સા.

પિંડવળ, જૂન ૨૦૦૫ — **કાન્તિ શાહ**

## લેખકની નોંધ

(૧) આ પુસ્તિકાને કાપી-કૂપીને સારવીને 'પ્રકાશિત' કરવાની તસ્દી લેવી નહીં. (૨) શબ્દોને તોડવા-મરોડવામાં અતિરેક થયો હોય તો સંસ્કૃત-ગુજરાતીના વિદ્વાનો ક્ષમા કરે. હું મેટ્રિક સુધી ચાર ચોપડી સંસ્કૃત ભણેલો, બાવન વર્ષ પહેલાંનો વિજ્ઞાનનો અનુસ્નાતક છું. મારા ધંધાની (ફોટોગ્રાફીની) માથાવટી મેલી છે. કળાકારોને મોટે ભાગે એક ઇન્દ્રિયનું જ્ઞાન હોય છે. આ લેખ લખવાની મારી કોઈ પાત્રતા નથી. મારી આજન્મ તીવ્ર મુમુક્ષા જ મને કંઈક અધિકારી બનાવે છે. (૩) ક્રમાંકનું કશું મહત્ત્વ નથી. શક્ય હોય ત્યાં સમાનાર્થી, એકબીજા સાથે સંકળાયેલા શબ્દો સાથે લીધા છે. આમ તો બધા શબ્દ એક અનુભૂતિના સૂત્રે સંકળાયેલા છે. (૪) આ મારું સ્વોપાર્જિત ધન નથી. મુખ્યત્વે બે, પણ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે બીજા બાર-પંદર ગુરુજન પાસેથી વારસામાં મળેલું આ આયતું વિચાર-ધન છે. તેમની અહૈતુકી કૃપાનો ઋણસ્વીકાર કરી, તેમનાં મઘમઘતાં સ્મરણ સાથે આખરી લખાણનો આરંભ કરું છું.

**અ૦ મ૦**

**આ** લેખનું ગર્ભાધાન ઘણા વિચિત્ર સંજોગોમાં, આજથી ચાર વર્ષ પહેલાં થયેલું. વલસાડ જવા તીથલ ગામના કૂવા પાસે રિક્ષાની રાહ જોતો ઊભો હતો. ઉનાળો પૂરો થવા આવેલો પણ ચોમાસું બેઠું નહોતું. વાતાવરણમાં અસહ્ય ઘામ હતો. બાજુમાં એક માજી પોતાના પૌત્રને નિશાળે મૂકવા આવેલાં. ટિણિયાએ બૂટ-મોજાં ને 'ટાઈ' પહેરેલાં. આસોપાલવની ઘટામાં કોયલ અકળાઈને ચીસો પાડતી હતી. પોયરાએ પૂછ્યું : 'ગ્રાન્ડમા', આ કયું 'બર્ડી' ? દાદીએ સામે પૂછ્યું : ''બેટા, 'બર્ડી' એટલે ?'' બસ થવાનું થઈ ગયું. ઊકળતા ઘીના પેણામાં પાણો પડ્યો ! હું દાઝ્યો તે દાઝ્યો. કાળક્રમે રૂઝ વળી, પણ વ્રણ હજુ છે.

વરસો પહેલાં મેં એક ઠૂમરી સાંભળેલી. બેગમ અખ્તર કોયલને ફરમાવતી હતી : *''કોયલિયાં મત કર પુકાર, કરજવાં લાગે કટાર.''* મૂછનો દોરો ફૂટ્યો નહોતો. પ્રેમ પદારથનો પરિચય થયો નહોતો; તો 'વિરહ' વળી કઈ વાડીનો મૂળો ? છતાં પૂર્વજન્મના સંસ્કારવશ બે આંસુ બેકાબૂ બહાર કૂદી પડેલાં. કુંવારી આંખો પહેલી વારની પાવન થયેલી. ભણતર-પરીક્ષાની ચગડોળમાં બેગમ બહાર ફંગોળાઈ ગયેલી. મને વિચાર આવ્યો, તીથલ ગામના આ પોયરાના કલેજામાં કોઈ કાળે કોયલની કટાર વાગશે ખરી ?

એક અધિક વૈશાખમાં મારે હરદ્વાર ગંગા-કાંઠે દસેક રાત વીતાવવી પડેલી. અંગ્રેજો બપૈયાને શા માટે 'બ્રેઈન-ફીવર બર્ડ' કહેતા હશે તે સ્વાનુભવે સમજાયેલું. પી કહાઁ, પી ક..હાઁ, પી ક...હાઁનો ટહુકો એક એક પગથિયું ઉપર ચઢી, અંતે તાર સપ્તકમાં તરડાઈ જતો. થોડો આરામ કરી ફરી એકની એક પૃચ્છા : પી કહાં ? પી ક..હાં ? પી ક...હાં ? બપૈયાનો આવો આર્તનાદ 'પરદેશી'ઓને મગજનો બુખાર ને સનેપાત લાગે નહીં તો જ આશ્ચર્ય. કાન ઓછા સાંભળે છે ? ભાવદેહના સૂક્ષ્મ કાન સાંભળે છે અને એક અનોખી સૃષ્ટિનું નિર્માણ કરે છે. આપણા સંતકવિ-લોકકવિની બપૈયા આસપાસ રચાયેલી અસંખ્ય કૃતિઓ, આ પોયરો ક્યારે પણ વાંચવા-સાંભળવા પામશે ખરો ? વાંચશે કે સાંભળશે તો અંગ્રેજોથી જુદું કદી અનુભવશે ખરો ?

ચોવીસ વરસ પહેલાં તીથલ આવ્યાં ત્યારે સૌપ્રથમ કદંબ વાવેલું. આજે જોતાંવેંત સમર્થ રામદાસે શ્રીરામ વિશે લખેલી પંક્તિનું સ્મરણ થઈ આવે. *''અતિ જીર્ણ વિસ્તીર્ણ તેં રૂપ આહે''* (મનાચે શ્લોક ૧૧૯). એક વૈષ્ણવ ભકત ચોતરા પર ચઢી ભાવવિભોર થઈને થડને ભેટી પડેલા. આપણા કવિ ઉમાશંકર, બે-ચાર મિનિટ કદંબ જોઈ દંગ થઈ ગયેલા. પછી ઉત્કંઠિત થઈ આકંઠ કદંબપાન કરેલું. બીજા અનેક, 'કડંબા', 'ક્રીશ્ના' જેવા એલફેલ શબ્દોને પ્રશ્નાર્થનું લટકણિયું પહેરાવી, બાઘડા બની જોયા કરતા. અંગ્રેજીમાં 'ક્રો' કહો તો જ કાગડાને ઓળખનારા પૂછે : લેટિન નામ ?! સામાન્ય અંગ્રેજી નામ ?!

* *

પચાસેક વરસ પહેલાં, એક વાર રવિશંકર મહારાજ પાસે લગભગ અડીને બેઠેલો. સામે સ્વામી આનંદ હતા. મહારાજે એમના લાક્ષણિક સ્મિત સાથે, બિલકુલ આક્રોશ વગર, અતિ મૃદુ અવાજે કહેલું : ''સ્વામી ! આપણા પૂર્વજોએ ઘાસમાંથી ઘઉં બનાવ્યા. આ અંગ્રેજો ને પાદરીઓ ઘઉંમાંથી ઘાસ બનાવી રહ્યા છે.'' આ વાક્ય કદી ભૂલ્યો નથી. કેવી રીતે ભૂલું ? કોઈ વ્યક્તિ થકી બોલાયેલું આ વાક્ય થોડું હતું ? તાજા ગુલાબની પાંખડીઓ આકાશમાંથી વરસે તેમ હળવેથી વરસેલું એક વિચાર-વાદળું હતું. ગયા ચોમાસે બપૈયાના આક્રંદથી મહારાજે ઓઢાડેલી સમાધાનની ચાદર સહેજ ખસી ગઈ, અને આ લેખની પ્રસૂતિ થઈ. વિયાતણની વેણ મટી પણ સુવાણ ('કન્વેલેશન્સ') હજુ ચાલુ છે....

મેકોલે-મેક્સમ્યૂલરે જે ધર્મ-કાર્યનો આરંભ ઠેઠ ઓગણીસમી સદીમાં કરેલો અને અંગ્રેજોના રાજગુરુ, ખ્રિસ્તી પાદરીઓએ, સેવા ને શિક્ષણના અંચળા હેઠળ જે પૂતના-કાર્ય નિષ્ઠાપૂર્વક ને ચિકાટીથી ચાલુ રાખેલું તે ઠેઠ એકવીસમી સદીના આરંભે, સ્વતંત્રતાનાં પચાસ વર્ષ પછી પાર પડ્યું !

*''હરખ હવે તું હિંદુસ્તાન !''* (કવિ દલપતરામ). હરખાવાનો સમય આવ્યો કે માની કાણે જવાનો ? ન જાને. આપણી સાંસ્કૃતિક ભાષા સંસ્કૃત ગઈ એટલે બધી જ ભગિનિ-ભાષાઓની સહિયારી ઘોર ખોદાઈ ગઈ. એક કાંકરે બધાં જ કબૂતર મરી ગયાં. ભાષા ગઈ એટલે વિચાર ગયો, સંસ્કાર ગયા, સંસ્કૃતિ ગઈ, સાહિત્ય-સંગીત-કળાના ભાવદેહને 'કેન્સર' થયું. 'સ્વ'માં કેન્દ્રિત થવાની આત્માનુભૂતિની શક્તિ તો સમૂળી ગઈ. નાભિનું સ્થાન મગજે લીધું. એક મહાન પ્રજા રાઈના દાણાની જેમ વેરાઈ ગઈ.

બુદ્ધિના ખીલા આસપાસ ફરતી દેહ ને પૈસાની ચક્કીમાં, દુર્બોધતાનાં, અર્થહીનતાનાં, કંટાળા-'બોરડમ'નાં, કહેવાતી વિષમતાનાં, શતશત માનવ-વિકૃતિનાં દળણાં દળાવા મંડ્યાં. કદંબ, પારિજાત (હિંદી હરશિંગાર), કૈલાસપતિ ('કેનન બોલ ટ્રી' !), રુદ્રાક્ષ ('બાસ્ટર્ડ ટ્રી' !), શમી, અશોક, કુંતી, બકુલ (બોરસલી), લટકચમેલી (બૂચ), આસોપાલવ, બીલી, સપ્તપર્ણી (બંગાળી-છાતિમ), કાંચનાર, લીમડો, વડ-પીપળો-ઉંબરડો બધાં વૃક્ષો સાથે સંકળાયેલી અનેકાનેક કથાઓમાંથી અર્થ, બોધ ને છેવટે ભાવનું સત્ત્વ નિચોવાઈ ગયું. કુટુંબીજનો જેવાં વૃક્ષો યુરોપીયન વનસ્પતિશાસ્ત્રનાં માત્ર નામ બની ગયાં. 'વિજ્ઞાન'ની ગાદી પર, લુપ્ત લેટિન ભાષાનાં નામોનો ગોરિયાઓએ રાજ્યાભિષેક કર્યો એટલે જ આપણું બધું અવૈજ્ઞાનિક ને વહેમ બની ગયું !

રામાયણ, મહાભારત, ભાગવત, ભગવદ્‌ગીતા, યોગવાશિષ્ઠ, ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, આદિ પાયાના ધર્મગ્રંથો અને સમસ્ત સંત-સાહિત્ય, બધાં ગંગા-જમનાનાં પ્રદૂષિત પાણીમાં ડૂબી ગયાં. બંગાળના અખાતમાં ગંગાસાગર ટાપુ આસપાસ હજુય એનાં મડાં તરતાં દેખાય છે ! વીસમી સદીના ગંગેશ્વરાનંદ, અખંડાનંદ સરસ્વતી, રામસુખદાસજી, કવિરાજ ગોપીનાથ, કાશ્મીરના સ્વામી લક્ષ્મણજૂ ને વૃંદાવનના કૃપાલુ મહારાજ જેવા અસંખ્ય સાક્ષાત્કારી પંડિતોના ભાવ ગગડી ગયા. અંગ્રેજી માધ્યમોમાં, આપણા નીમ-ગુરુઓની 'પરાક્રમ'-ગાથાઓ બહેલાવી બહેલાવીને ફેલાવા લાગી.

કુદરત શૂન્યાવકાશને ધિક્કારે છે. તિબેટનાં મેદાનોમાં ગરમી પડે તો આખો અરબી સમુદ્ર કે હિંદ મહાસાગર ઉલેચાઈને કચ્છ-કાઠિયાવાડ કે આન્ધ્રના કિનારાને ધમરોળે છે. અંગ્રેજીમાં લખાયેલા કે અનુદિત સાહિત્યકારો ને વિચારકોએ આપણા દેશમાં હમચી ખૂંદી. સાર્ત્ર, કાફ્કા, કામુ, હેન્રી મિલર, જેમ્સ જોયસ, મેલાર્મે, બોદલેર, કિર્કેગાર્દ, દોસ્તોયેવસ્કી, બ્રેખ્ત, ફ્રોઈડ, યુંગ, માર્લો ને દેરિદાનાં પારાયણ ને પરિસંવાદ યોજાવા મંડ્યાં. ઘાસની ગંજીમાંથી સોય શોધવાનાં મસમોટાં આયોજન થયાં, સંશોધન આરંભાયાં. 'પ્રોજેકટ' ને 'મેથોડોલોજી' શબ્દનો ઉપયોગ ડૉલર/પાઉન્ડ જેવો ચલણી બન્યો.

આપણી ભૂગર્ભ-જળ-વિદ્યા જેવી અનેક વિદ્યાઓ લુપ્ત થઈ. આધુનિક બૌદ્ધિકો માટે આયુર્વેદ, દર્શન મટીને વનસ્પતિ-નુસ્ખાસંગ્રહ બન્યો. જ્યોતિષશાસ્ત્રને વહેમ અને નિયતિવાદ ('ફેટાલિઝમ')ની ગાળ સાંભળવી પડી. જ્યોતિ, પ્રકાશ, જ્ઞાન સાથે સંકળાયેલું શાસ્ત્ર, આકસ્મિક પ્રાપ્ત થયેલાં અર્ધ-સત્યોના ખીચડા તરીકે ઓળખાવા માંડ્યું. એક ગુરુજને મને ધબ્બો મારીને કહેલું : ''મૂરખ ! જ્યોતિષ તો મોક્ષ-શાસ્ત્ર છે. ભવિષ્યકથન તો એની આડપેદાશ છે. આમ જુઓ તો વિષ્ટા છે, પણ મહત્ત્વ અન્નનું છે.'' દર મંગળવારે સવારે આઠથી સાંજે છ વીજળી બંધ રહેવાની હોય, અને ગુજરાત વિદ્યુત બોર્ડ ગ્રાહકોને ચેતવે એવી ચેતવણી તે ભવિષ્યકથન, જેથી 'જાતક' (જન્મેલો) છાતી ને વાંસા સમેતના પોતાના પૂરા મન ને દેહને ઓળખતો થાય, એની નબળાઈ-સબળાઈઓ સ્વીકારતો થાય. સ્વીકાર તે નિયતિવાદ ('ફેટાલિઝમ') અને અસ્વીકાર તે બુદ્ધિતર્કયુક્ત વિજ્ઞાન ('રૅશનાલિઝમ') અને આશાવાદ કેવી રીતે કહેવાય ?

આજનાં નંદ-જશોદા પોતાનો કૃષ્ણ પૂતનાને જ ધાવે એવો આગ્રહ રાખે છે. બિચારાં શું કરે ? લાચાર છે. 'અંગ્રેજી'-અજગરના ભરડામાં ભલભલાનાં હાડકાં તૂટી ગયાં છે. પાછા ફરવાનો પ્રશ્ન જ નથી. બધા પુલ જમીનદોસ્ત થઈ ગયા છે ને પાછા ફરવાના રસ્તા પર ઠેર ઠેર 'પ્રવેશ બંધ'નાં પાટિયાં લટકે છે. નવાણ સુકાતાં શું થશે, એવી ચિંતા કરવાનો કોઈને અધિકાર નથી. દરેક ભારતીય ભાષામાં નવી નવી કલમ જે ગતિ, નાવીન્ય ને તાજગી સાથે પ્રવેશી રહી છે, એ જ એક ચમત્કાર નથી ? એક મહાન પ્રજાનું સત્ ઝટ ભૂંસાતું નથી. ભૂતકાળમાં કેટલીય ભાષા ને સંસ્કૃતિ લુપ્ત થઈ ગઈ. ઈશુ ને મૉઝિઝની ભાષાનાં નામ કેટલાં જાણે છે ? છતાં આ સંસારનો અશ્વત્થ કહેતાં પીપળો ઊંધા માથે લટક્યા કરે છે. આકાશમાંથી પોષણ મેળવતો હોઈ અવ્યય છે અને પરિવર્તનશીલ હોવાથી અશાશ્વત છે. (ભગવત્ગીતા, અ. ૧૫.૧)

*'સાહબ તેરી સાહબી સબ ઘટ રહી સમાય'* (કબીર). ચિરકાળ માટે, દરેક માણસે, સાહેબની સાહેબી જોવી જ જોઈએ એવો દુરાગ્રહ શા માટે ? આપણા હાથમાં, ક્ષણિકનાં ગાન દિવસના ક્ષણભંગુર પ્રકાશમાં ગાઈને શાંત થઈ જવાનું છે.

*''ક્ષણિકેર ગાન ગા રે આજિ પ્રાણ, ક્ષણિક દિનેર આલોકે.''* (રવીન્દ્રનાથ)

* *

ઉપલા સંદર્ભે કેટલાક બહુ ચવાયેલા અધ્યાત્મ-વિષયક શબ્દના અરૂઢ અને અસલી અર્થ રજૂ કરું છું :

**૧. જાગૃતિ :** જીવન-જદોઝદની શય્યામાં નિદ્રા-નિરપેક્ષ સુદીર્ઘ શયન. પૂર્ણ જાગૃતિ સુષુપ્તિ જેવી સંપૂર્ણ તણાવરહિત હોય છે.

**૨. આનંદ :** દ્વન્દ્વ સરિતાના ધસમસતા વહેણમાં થતું અન્-આયાસ વહન. વિરુદ્ધાર્થ શબ્દ નથી. વહેંચવાથી વધે ખરો પણ નહીં વહેંચવાથી ઘટે નહીં. નહીં કોઈ અકળામણ થાય કે ઊણપ લાગે. સુખ અન્ય વ્યક્તિ, પદાર્થ કે પરિસ્થિતિ પર અવલંબિત છે. આનંદ અન્-અન્ય, અકારણ અને અગોચર છે. ત્યાં ઇન્દ્રિયોની ચર્ચા થતી નથી.

**૩. પ્રસન્નતા :** આનંદનો સગોત્ર શબ્દ, પણ સહેજ જુદો. વિરુદ્ધાર્થી શબ્દ છે ચિંતા ને શોક (ક્રમાંક ૪, ૫). પ્રસન્નતા શબ્દ બોલતાંવેંત મારી સમક્ષ એક ચિત્ર ઊભું થાય છે : ભારત-નેપાલ સીમા-પ્રદેશના તરાઈ જંગલમાં એક પીપળો જોયેલો. હોળીને હજુ વાર હતી ને હવામાં ઠંડીનો ચમકાર હતો. નેપાલી પહાડો પાછળથી ઊગેલો સૂર્ય ભારતમાં સહેજ મોડો ડોકાયો. નવેક વાગ્યાનો તડકો વહાલો લાગતો હતો. કુમળાં કુમળાં લાલ-ગુલાબી-લીલાં પાનમાં હજારો સૂર્ય સંતાકૂકડી રમતા હતા. પક્ષીઓની પલટણ સૂર્યને પકડવા ઊતરી પડી હતી. એક ડાળ પર એક સૂરજ પકડાય તો ભાગીને બીજી ડાળ પર નાચતો ભળાય ! પક્ષીઓની સમૂહ-મૂંઝવણનું એક વાદ્ય-વૃંદમાં પરિવર્તન થયું. દૃષ્ટિ ને દશ્ય દ્રષ્ટામાં ભળી ગયાં. આટલાં વરસે હવે, મને પીપળાના સ્થાને બે-ત્રણ ગુરુજનોની મુખ-મુદ્રા દેખાય છે. બધી ચડતી-પડતી ને બધી ઋતુઓ અનુભવ્યા પછી પણ, પેલા પીપળાના પાને પાને સળવળતી તાજપ, સ્ફૂર્તિ ને ઉલ્લાસ એમણે ગુમાવ્યાં નહોતાં. ''પ્રસાદે સર્વદુ:ખાનાં હાનિરસ્યોપજાયતે'' (ભ.ગી.અ. ૨.૬૫) આ ગીતાવચનનો બોધ મને તરાઈના પીપળાએ કરાવેલો.

**૪. શોક :** વર્તમાનની ક્ષણમાં નહીં પણ ભૂત કે ભવિષ્યમાં આવેલી કે આવનારી પરિસ્થિતિની કલ્પના કરી અનુભવાતો નિર્વેદ કે થતી અકળામણ. પ્રસન્નતાનો અભાવ.

કોઈપણ વસ્તુ, વિચાર કે વ્યક્તિને વળગવાથી, મમળાવવાથી, 'ચ્યુઇંગ-ગમ'ની જેમ વખતે-કવખતે ચૂસવાથી થતો ત્રાસ.

'જન્મમૃત્યુજરાવ્યાધિદુ:ખદોષાનુદર્શનમ્'' (ભ.ગી.અ. ૧૩.૮)માંના મૂળભૂત 'દોષ'ની અવગણના કરી જીવવાથી છેવટે અનુભવાતી અકારણ ગમગીની અને સતત ચઢેલું ડાચું, જેના પર સ્મિત-પતંગિયું ઘડીક પણ બેસી શકે નહીં.

જેનો શોકનાશ થયો છે, જે વિ-શોક થઈ 'પ્રસાદ'ને પામ્યો છે, તે જ દુ:ખ-યાતનામાં અન્યને સાન્ત્વન કે આશ્વાસન આપી શકે. વગર બોલે કહી શકે, 'હું તમારી સાથે છું.' જેને કશું બનવાના, થવાના, કરવાના ('બીકમિંગ'ના) ધખારા નહીં હોય તે જ દૃષ્ટિમાત્રથી અન્યનાં તાપ અને દુ:ખનું હરણ કરી શકે. રમણ મહર્ષિની ગાય લક્ષ્મીનું ને એમની માનું મરણ આ સંદર્ભે ઉત્તમ ઉદાહરણો છે. આનંદમયીમાના એક કાળના નાસ્તિક પતિનું મરણ પણ ઉલ્લેખનીય છે.

**૫. ચિંતા :** વર્તમાનની ક્ષણનું ભૂત કે ભવિષ્યમાં ગબડી પડવું. એક અનુસ્વારનો લોપ થતાં સર્જાતી આફત. જીવતા દેહને અપાતો અગ્નિસંસ્કાર.

૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધમાં ચીનાઓનાં ધાડાં ઠેઠ ગૌહત્તી-અસમની ભાગોળ સુધી ઊતરી આવેલાં, તેવાં વિચારોનાં બે-કાબૂ ધાડાં. બૌદ્ધિકોનું મદ્ય-પાન, આ ટોળાં વિખેરવા માટેનાં અશ્રવાયુ કે ગોળીબાર છે. (ચીની સામ્યવાદીઓએ ટેન્ક દોડાવી કચડેલાં !)

લાખો-કરોડોની અથવા ખપપૂરતી આવક કે મિલકત હોવા છતાં અનુભવાતું દારિદ્રય, જેથી પાણીમાં મીન તરસી તરફડે ને રડે. જેટલાં પૈસા ને અનુકૂળતા વધારે, તેટલો અભાવ વધારે. હોવાપણાનો, મારી પાસે કંઈ છે એવો ભાવ ઓછો. પરિણામસ્વરૂપે આવતી કૃપણતા. ''કાર્પણ્યદોષો અપહતસ્વભાવ:'' (ભ.ગી.અ. ૨.૭) કૃપણ એટલે માત્ર મખ્ખીચૂસ કે કંજૂસ નહીં. કાર્પણ્યદોષથી વિકાસના સ્થાને સંકોચન આવે અને વિહારના સ્થાને, પાંખો ફૂટી હોવા છતાં, માળો છોડવાની અનિચ્છા થાય.

વાળેલી મુઠ્ઠીનું નહીં ખોલવું અથવા ખૂલી શકવું ('રિગર મોર્ટિસ').

**૬. સ્થિતિ :** વર્તુળની મધ્યમાં આવેલા બિંદુમાં સ્થિર થવું. કેન્દ્રિત થવું ('સેન્ટરિંગ'). બિંદુનું ધ્યાન કરવું નહીં, બિંદુને અનુભવવું, માત્ર બિંદુ જેટલા જ શેષ રહેવું. વર્તુળનો વ્યાપ જેટલો વધારે, પથારો પહોળો ને વિસ્તરેલો, માથાના તુંબડામાં વિચાર-કાંકરા વધારે, તેટલું સ્વ-અનુભૂતિના શાંત-નીરવ કેન્દ્રમાં સ્થિર થવું મુશ્કેલ. (જિજ્ઞાસુ વાચકે વિજ્ઞાન ભૈરવતંત્રનાં ટૂંકાં ને ટચ ૧૦૮ સૂત્રો વાંચવાં-અનુભવવાં. પૉલ રેપ્સે, કાશ્મીરી સંત ને પંડિત સ્વામી લક્ષ્મણજૂની મદદથી, અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે – ''ઝેન ફ્લેશ, ઝેન બોન્સ્'', પા. ૧૫૧ થી ૧૬૩, આવૃત્તિ ૧૯૭૮, પેલિકન.)

**૭. આત્મા :** ચૌદ વર્ષનો અલ્લડ છોકરો ચુમ્મોતેરમા વર્ષે એકના એક વૃક્ષને જોઈ પ્રશ્ન પૂછે કે આ વૃક્ષના જોનારમાં કશો ફરક પડ્યો છે ? તે જોનારો, પ્રશ્ન પૂછનારો, ને ઉત્તર અનુભવનારો. રાતે સૂતેલા 'અ'ને કોણ કહે છે કે સવારે જાગ્યો તે 'અ' અને રાતે સૂતેલો તે 'અ' એક જ છે ? તે, ફૂટસ્થ. ઘણ અને એરણમાંનું એરણ, ફૂટ. ત્રણે કાળમાં પરિવર્તન નહીં પામનારો, નહીં મરનારો, અનુભવી શકાય એવો.

*''જ્યાં લગી જેમ છે, તેમનો તેમ છે, વધે-ઘટે નહીં વહાલો રે.''* (નરસિંહ)

**૮. આત્મવિચાર :** દરેક વ્યક્તિ વહેલી-મોડી, વત્તી-ઓછી તૃપ્ત થાય છે. ઇન્દ્રિયોના આવેશ શમે છે, ઘોડાપૂર ઓસરે છે. પ્રશમ નથી પામતી પણ થાકે છે. એટલે કંઈક શાંત થાય છે. ફુરસદની ક્ષણે વિચારે છે, જીવન નામના આ બખડજંતર પાછળ કોઈ હેતુ, વ્યવસ્થા કે નિયમ ખરો ? ઉપાસની મહારાજની બરછટ ભાષામાં, શા માટે બધાં ''ખાય છે, ખર્ચુ જાય છે, ને ખાટલા ખૂંદે છે ?'' વનપ્રવેશ સમયે, છઠ્ઠા દાયકામાં જીવનનાં એકાદ-બે પાટિયાં ખસે છે, કિચૂડ કિચૂડ બોલે છે. યૌવનનો નશો હજુ ઊતર્યો નથી હોતો, જરા-વ્યાધિના પડછાયાએ દેહની ભોંયને કલંકિત કરી નથી હોતી. છતાં જીવને શારીરિક-માનસિક દુ:ખ-યાતનાનો આછો-પાતળો પરિચય થવા માંડે છે. સમજાય છે, એનું 'સ્વાવલંબન',

'આત્મનિર્ભરતા' રેતીનો મહેલ છે. એક મોજું આવશે ને દરિયો એને લુપ્ત કરશે. (*"તનરંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી"*) જીવન ઉકેલ વગરનો કોયડો છે એમ કવિશ્રી તો વદી ગયા પણ આ કેટલું સાચું છે ? (*"જીંદગી હૈ વહ મુઅમ્મા, કોઈ જિસકા હલ નહીં"*) જીવનનાં દ્વન્દ્વો, જીવનમાં ઘટતી ઘટનાઓ, જીવનની લીલી-સૂકી —આ બધાંને સાંકળતું કોઈ સળંગ, અ-ક્ષર, અતૂટ સૂત્ર છે કે માત્ર અકસ્માતની પરંપરા ? આવા વિચાર આવવા, થઈ જવા, તે આત્મવિચાર. "હું આત્મા છું, હું આત્મા છું" અથવા "હું કોણ છું"નું પોપટિયું ઉચ્ચારણ કે રટણ આત્મવિચાર, આત્મચિંતવન નથી. આત્મવિચાર કરતાં કરતાં નિર્વિચાર થવાય છે. આત્મવિચાર વગરનું અધ્યાત્મ એક પ્રકારનું ભાગેડુપણું છે, વિકૃતિ છે. સ્વામી રામતીર્થ ને કૃષ્ણપ્રેમ જેવા આપણા સંન્યાસી-ભકતો સલમાન રશ્દી જેવા ભાગેડુ ને માટીપગા નહોતા ! જ્ઞાનેશ્વર કહે છે :

*"કોણાંચે હેં ઘર, હા દેહ કોણાચા,*
*આત્મારામ ત્યાચા તોચિ જાણે,*
*મીં તૂ હા વિચાર વિવેકેં શોધાવા,*
*ગોવિંદા માધવા યાચ દેહીં."* (હરિપાઠ : ૨૯.૧/૨)

આ ઘર કોનું, આ દેહ કોનો ? આતમરામ તો બધું જાણે જ છે. 'હું' ને 'મારું'ના સૂક્ષ્મ ભેદ, રહી રહીને પારખવા, વિવેકે વિચારવા. સમજાશે કે ગોવિંદ ને માધવ, જે કહો તે, આ દેહમાં હમણાં જ છે.

**૯. જ્ઞાન :** ટૂંકી ને સચોટ વ્યાખ્યા રામકૃષ્ણ પરમહંસે આપી જ છે : 'હું ને મારું તે અજ્ઞાન. તું ને તારું તે જ્ઞાન.' અંતરમાં સેવવા જેવું, બીજમંત્ર જેવી પ્રચંડ શક્તિ ધરાવતું મહાવાક્ય. જીવનના જુદા જુદા તબક્કે, સારા-માઠા પ્રસંગોએ, નવો નવો અર્થબોધ કરાવતું સુ-ભાષિત.

શિવસૂત્રમાં કહ્યું છે : "જ્ઞાનં બન્ધઃ". અનુભૂતિ વગરનું શબ્દજ્ઞાન બંધનરૂપ છે. *"ભાવેવિણ દેવ ન કળે નિઃસંદેહ, ગુરુવિણ અનુભવ કૈસા કળે"* (જ્ઞાનેશ્વર, હરિપાઠ ૫.૨). ભાવ વગર ભગવાન નિઃસંદેહ ઓળખાતો નથી અને ગુરુ વગર અનુભૂતિ શબ્દ જ સમજાતો નથી. એકલપંડે અભ્યાસ કરીને, ચોપડાં વાંચીને મેળવેલી માહિતી, અહમ્‌ને ક્ષીણ કરતી નથી, તગડો કરે છે. આ જ બંધન છે. કેરી ખાધા સિવાય કેરીનાં ચિત્ર, શિલ્પ, ગદ્ય-પદ્યાત્મક વર્ણન કે દર્શન માત્રથી કેરીનું 'જ્ઞાન' થતું નથી.

જ્ઞાનનો કુંભ જીવન-દ્વન્દ્વોના નીંભાડામાં, પરિતાપમાં પાકે છે :

*"અનુતાપેં રાહિલે તુઝેં ચિંતવન*
*વમન હા ઝાલા સંવસાર."* (તુકારામ)

હિંચકે ઝૂલતાં ઝૂલતાં વાતોનાં વડાં કે ગાંઠિયા ખાતાં ખાતાં સંસારનું વમન થતું નથી. દેહમનમાં સંસાર પારાની જેમ ફૂટી નીકળે છે. શબ્દવૈભવ, શૈલરેખા જેવી સ્મૃતિ, વૈખરીની

મોહિની, અસ્ખલિત સુસંબદ્ધ વાક્-પ્રવાહ, અને રજૂઆતની કળા (અંદાજ-એ-બયાઁ) —આ બધાં મૂળે જ્ઞાન-પદારથનાં પડીકાં બાંધવા માટે વપરાતા દોરા-ધાગા ને કાગળ માત્ર છે. જ્ઞાન તો એ બધાંની પેલે પાર ને સર્વોપરી કહેતાં શિખર ઉપર છે. ચૈતન્ય મહાપ્રભુને મળેલો ખેડૂત પરમ જ્ઞાની હતો, એ વેવલો કે ભાવુક ભક્ત નહોતો. હાથમાં ગીતા લેતાંવેંત એને કૃષ્ણનાં દર્શન થતાં ! પછી ભલેને ગીતા ઊંધી પકડી હોય. કૃષ્ણની, ભૂમાની, અહમ્ કરતાં મહાનની અનુભૂતિ થયા પછી આંખ છલકાય નહીં તો શું થાય ?

**૧૦. મુક્તિ :** બંધનની અપેક્ષાએ મુક્તિ છે. બંધન અનુભવાતું નહીં હોય તેણે ખાઈ-પીને મોજ કરવી. 'કામ'ની વાતો કરવી પણ આત્મા, ગુરુ, ઈશ્વર, ધ્યાન, યોગ આદિ શબ્દોને છંછેડવા નહીં. સુખના જીવને દુ:ખમાં નાખવો નહીં. કબીરજી કહે છે :

*"સુખિયા સબ સંસાર, ખાવે અરુ સોવે*
*દુખિયા દાસ કબીર, જાગે અરુ રોવે."*

જે બંધનનો અનુભવ કરે છે, જાગે છે, દુ:ખના કાર્ય-કારણની પંચાતમાં પડે છે, તેને પહેલાં રડવું પડે છે. ત્રાસ થાય છે. તે પછી જ ઈશ્વર-કૃપાએ બધું સમજાય છે ને હાસ્ય-રુદન ઉપરની અવસ્થા લાધે છે.

જીવનું એક માત્ર બંધન છે એની માન્યતા કે એ કર્તા છે, ભોકતા છે, એક સ્વતંત્ર હસ્તી છે એટલું જ નહીં, એ કોઈ વિચાર, વ્યક્તિ કે વસ્તુ પર અવલંબન રાખતો નથી. પોતે એક સ્વતંત્ર, સર્વતંત્ર, ગણરાજ્ય છે ! આ નખ્ખોદિયા વિચારની સમજપૂર્વક ઉત્તરક્રિયા કરી પછેડી તાણીને સૂઈ જવું તે મુક્તિ. અન્યનાં માઈ-બાપની ઉત્તરક્રિયા, આપણે પારકી છઠ્ઠીના જાગતલ થઈને, બળજબરીથી કરવી-કરાવવી નહીં.

દહાડિયાની જેમ રોજની મુક્તિ રોજ રળવી પડે છે. 'મુક્તિ'નો સંચય થઈ શકતો નથી. એટલે મુમુક્ષુએ પ્રવાહપતીત, પ્રકૃતિગત અને ઈશ્વરનિર્મિત કર્મ, ફળની અપેક્ષા વગર, નવો કાળ નિર્માણ કર્યા વગર, કરતા રહેવું. ડાબા-જમણાની કે આગળ-પાછળની લપ્પન-છપ્પનમાં પડવું નહીં.

*"આપણે આપણો ધર્મ સંભાળવો*
*કર્મનો મર્મ લેવો વિચારી."* (નરસિંહ)

**૧૧. વિશેષભાવ :** અહંકારના ઊંટનું ઉકરડે ચઢવું. હું બધાંથી વિશેષ છું, અનોખો છું, હું બધું જ જાણું છું, (જે નથી જાણતો તે જાણવા જેવું જ નથી !) મારું વ્યક્તિત્વ બહુઆયામી છે પણ મને કોઈ સમજતું નથી, ઓળખતું નથી, મારું બહુમાન નથી કરતું, એવો મિથ્યાભાવ.

દરેક જીવ પરમાત્માનો અંશ હોવાથી પોતે જ અંશી છે, પ.પૂ.પૂ.પુ. (પરમ પૂજ્ય પૂર્ણ પુરુષોત્તમ) છે, એવો રહી રહીને થતો સહજ ભાવ.

*"શકટનો ભાર જેમ શ્વાન તાણે,"* એ નરસિંહ-વચનમાંનો શ્વાન, કૂતરો.

મારો, તમારો કે કોઈનો પણ કૂકડો બોલવાથી સવાર પડતી નથી, એવી સાદી સમજણનો સમૂળગો અભાવ.

**૧૨. દંભ :** ઉપરકથિત વિશેષભાવમાં સ્થિર રહેવા કરાતો પ્રપંચ અને પુરુષાર્થ. ન કરે નારાયણ ને આવો દંભી, ધર્મગુરુ બની બેસે તો હિટલરના ગોબેલ્સ જેવા પ્રચારકોને નિયુકત કરવા જ પડે. પોતાનાં જીવન, સાધના, ચમત્કાર, સિદ્ધિ ઇત્યાદિ વિષેની સાચી, અરધી સાચી કે ખોટી માહિતીનું વિતરણ લેખ-વ્યાખ્યાનો દ્વારા કરવું જ પડે. ગૉબેલ્સનો તાનપુરો નિયત સમયે હિટલરના 'સા' પર જ આવીને અટકે તેમ, પોતાનો ગુરુ અસામાન્ય અવતારી પુરુષ કે સ્ત્રી છે અને એ ભારતની કે જગતની ગતિવિધિનો મહાપ્રાણ છે, એના થકી સમસ્ત માનવજીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન આવશે, સોનાનો સૂરજ ઊગશે ને બધાંનો શોકનાશ એકસામટો થઈ જશે, એવાં ઉજ્જવળ ભવિષ્યનાં અફીણ ખવડાવવાં જ પડે. દિવસે તારા-ગણતરી કરવી પડે ને કરતાં શીખવી પડે.

**૧૩. શ્રદ્ધા-સબૂરી :** હજાર ગાયમાંથી પોતાની માને ઓળખી કાઢવા માટે વાછરડાને શ્રદ્ધા કે ધીરજ નથી જોઈતાં. ગરમ તપેલીને સાણસી કે કપડાથી ઊંચકવા, કોઈ વિચાર-પ્રણાલી કે વ્યક્તિમાં શ્રદ્ધા રાખવાની જરૂર નથી. વળી, ગરમ તપેલી થકી દાઝવાની પ્રક્રિયા કાળક્રમે સમજાય, ધીરજ રાખવી પડે, એવી અટપટી નથી. છતાં સાંઈબાબાની પ્રત્યેક મૂર્તિના ડાબે-જમણે લખેલા આ શબ્દ નિરર્થક નથી. નથી સુશોભનનો ('ડેકૉર'નો) એક ભાગ.

કોઈ શબ્દ કે શબ્દ-સમૂહની, મગજથી નાભિ સુધીની સુદીર્ઘ યાત્રામાં, કોઈ વડીલ, અનુભવી, ગુરુજનમાં શ્રદ્ધા રાખવી એ ભોમિયા-પોથીમાં શ્રદ્ધા રાખી ફરવા જવા જેવું છે. કાળનું પરિમાણ લુપ્ત થાય ત્યાં સુધી ધૈર્યની ઘડિયાળ વાપરવી આવશ્યક છે. જેને કર્મ-ફળની અપેક્ષા છે, જેને કંઈ બનવું-થવું છે ('બીકમિંગ'), તેને કાળ તો પડછાયાની જેમ ચોટેલો છે જ. ઘડિયાળ નહીં રાખવાથી કે નહીં જોવાથી કાળનિરપેક્ષ થઈ જવાતું નથી, ઊલટાનું વ્યવહારમાં મુશ્કેલીઓ ઊભી થશે. 'સૂક્ષ્મ હિંસા' (ગાંધીજી) થશે પણ કાળરૂપી મહિષાસુરનું મર્દન નહીં થાય.

**૧૪. આસ્તિક-નાસ્તિક :** સૌ પ્રથમ જાતને પ્રશ્ન પૂછવો : કિમ્ અસ્તિ ? કિમ્ નાસ્તિ ? શું છે અને શું નથી ? આ પ્રશ્નનો જવાબ કોઈ સંસ્કાર કે ઉછેર પર, કોઈ વિચાર કે માન્યતા પર, કોઈ દેશકાળ કે શ્રદ્ધા-અશ્રદ્ધા પર નિર્ભર નથી. પ્રશ્નકર્તાની સચ્ચાઈ પર છે, સ્વની અનુભૂતિમાં છે, (જુઓ 'આત્મા' ક્ર.૭) આ અનુભૂતિને, માન્યતાને નહીં, જો કોઈ પામે અને પકડી રાખે તો, કાળક્રમે પ્રશ્નનો ઉત્તર વધુ ને વધુ સ્પષ્ટપણે સંભળાવા માંડે, અનુભવી શકાય. અઢાર વર્ષના રમણનું મૃત્યુ થયું અને તોંતેરમા વર્ષે એણે દેહત્યાગ કર્યો ત્યાં સુધી રમણ મહર્ષિએ ફકત આટલું જ કર્યું. સ્વાનુભૂતિમાં નિશ્ચલ રહ્યા. જે ખાટલા પર બેસીને, આડા સૂતાં સૂતાં દર્શન આપતા એ જ ખાટલા પર રાતે સૂતા ! જમ્યા પછી ખુલ્લા પગે અરુણાચલની પ્રદક્ષિણા કરવા, અથવા બીજાં આવશ્યક વ્યવહારુ કામ પૂરતા જ ખાટલો કે ઓરડો છોડતા, આશ્રમ છોડીને કદી બહાર ગયા નહોતા.

આ સંદર્ભે સામ્યવાદી ને મૂડીવાદી, પણ અંતે તો ભોગવાદી-જડવાદી ('મટિરિયાલિસ્ટ'), આધુનિકો ને બૌદ્ધિકોનાં વિધાન ઘણાં છીછરાં ને હાસ્યાસ્પદ લાગે છે. તર્ક-બુદ્ધિની ચાસણીમાં બોળેલાં ખરાં પણ રસગુલ્લા જેવાં સંતર્પક કે આસ્વાદ્ય નહીં. ખાંડની પાતળી પોપડી મોંમાં ઓગળી ગયા પછી શેષ રહેલા ગુવારશિંગના ગુંદર ('ચ્યુઈંગમ ગમ') જેવા ! સૂર્ય રોજ પૂર્વમાં ઊગી પશ્ચિમમાં આથમે છે એટલે જ સૂર્ય પૃથ્વી આસપાસ ફરે છે એવા પ્રાગ્-ઐતિહાસિક.

**૧૫. નામસ્મરણ :** નામીના નામનું પુનરુચ્ચારણ. નામના ઉચ્ચારણ કરતાં નામીનું સ્મરણ વધારે મહત્ત્વનું. કર્તૃત્વ-ભોક્તૃત્વની અન્-અંત શૃંખલા તોડનારો સર્વસુલભ હથોડો, મુદ્‌ગર. ભય કરતાં પ્રેમના અનુપાન સાથે, સુયોગ્ય વૈદ્યની નજર હેઠળ સેવન કરવામાં આવે તો સહસ્રપુટી ભસ્મ જેવું અસરકારક. પરંતુ જાપકનું ટટ્ટુ આસ્તિકતા-નાસ્તિકતાની વૈતરણી પાર કરી ચૂક્યું હોય તો જ નામ-સ્મરણ, પ્રીતમ કહે છે તેવું, ઝળહળતું ને પ્રબોધક થાય.

*'પ્રીતમ નામ ઉચ્ચારતાં ઊઘડે નૈન અનંત''*

નામીની સ્પષ્ટતા વગરનું નામસ્મરણ સસલાને શીંગડાં ઉગાડવા જેવી કંટાળાજનક ને મિથ્યા ક્રિયા બની શકે. બાબરો ભૂત ('સિસીફૂસ') એકનો એક પથ્થર પહાડ પર ચઢાવીને ગબડાવતો, એવી જ ! તે છતાં કોઈ પણ ક્રિયા વાંઝણી નથી - નામસ્મરણ તો નહીં જ - તે સમજાવતાં કબીરજી યાંત્રિક નામસ્મરણનો પણ મહિમા સમજાવે છે :

*''સકામી સુમિરન કરે, પાવે ઉત્તમ ધામ,*
*નિષ્કામી સુમિરન કરે, પાવે અવિચલ ધામ.''*

'ઉત્તમ ધામ' એટલે સાંસારિક અનુકૂળતા, ધન-વૈભવ ને પદપ્રતિષ્ઠા. અવિચલ ધામ એટલે નકરો નામી ! (જુઓ ક. ૧૬). કૃષ્ણમૂર્તિ જેવા અંગ્રેજીભાષા આધુનિકોના ખાટલાને એક પાયાની ખોડ છે. બિચારા જડ ને ચેતનના ભેદ નથી સમજતા. રામકૃષ્ણ પરમહંસ તે જમાનાના કલકત્તા-નિવાસી બૌદ્ધિકોને કહેતા : ''મારી મા તો જીવતીજાગતી છે. જડ થોડી છે ?'' કૃષ્ણમૂર્તિ કેટલીય વાર જાહેરમાં કહી ચૂકેલા કે નામસ્મરણ કરવું ને ''કોકોકોલા'' બોલવું એક છે ! નામસ્મરણની નાવડીથી ભવસાગર તરી જનારા પૂ. મોટા જેવા થોડા એમને સમજાવવાના કે ભાઈ મારા, 'શ્રીરામ જય રામ'ના જાપથી રામ નહીં તો એનો ખેપિયો કે પ્રતિનિધિ હાજર થાય જ. પ્રત્યક્ષ ન થાય તો પણ છેવટે કોઈ અનિર્વચનીય, અકલ્પનીય પ્રતીતિ તો આપે જ.

**૧૬. નામી :** પહેલાં નામી શું નથી તે જાણી લઈએ.

અ. નામી આંધળો ને બહેરો, રાજા-વાજાં ને વાંદરામાંનો રાજા નથી.

બ. નામી સાધકની ફૂંકથી વાગતી, સાધકે પોતામાંથી કરોળિયાની જેમ ઉપજાવેલી પિપૂડી નથી. ('ઑટોસજેશન')

ક. સાધકે પોતાના વિસ્તૃત ને તગડા અહમ્‌થી પોતાના જ પ્રક્ષેપન-યન્ત્ર ('પ્રોજેક્ટર') થકી પોતાના ચિત્તના પડદા પર ફેંકેલી-ઉપસાવેલી છબી નથી. ('સેલ્ફ-પ્રોજેક્શન')

ઙ. નામી સફેદ દાઢી-વાળવાળો કશેક ઉપર વસનારો, હંમેશનો બૂઢો હિસાબનીશ નથી, જે દિવસરાત દરેકનાં પાપ-પુણ્યના હિસાબ રાખવામાંથી પરવારતો જ નહીં હોય ! વધારામાં, દરેકના મરણ બાદ, એણે સ્વર્ગ-નરકના પરવાના (વર્ગ, વર્ણ અને લિંગ-ભેદ સહિત !) એકલા હાથે આપવાના હોય.

ઇ. યશોદાનંદન યદુવંશી કે કૌશલ્યાનંદન રઘુવંશી પૂરતો જ નામી સીમિત નથી.

ઈ. નામી અમુક મુકરર દેશકાળમાં, કોઈ નિશ્ચિત સ્વરૂપ કે પહેરવેશમાં, રાજા રવિ વર્માએ કલ્પનાથી જ ચીતરીને ઉપજાવેલી છબિ નથી.

નામ ને નામી અભેદ છે, અને નામી તો છે : વાઘ કે સિંહ ઉપર સવાર થયેલી, દરેક પડકારને ઝીલનારી ને લલકારનારી, દરેક પરિસ્થિતિને ઉચિત રીતે પહોંચી વળનારી, સાકાર કે નિરાકાર, પણ સજ્ઞાત, સ્વતંત્ર ને સમર્થ શક્તિ. સ્ત્રી કે પુરુષદેહમાં એનો પ્રાદુર્ભાવ થાયે ખરો, નહીંયે થાય. આપણે નામીના અંશ ખરા પણ અંશી નહીં. ''મમૈવાંશો જીવલોકે જીવભૂત: સનાતન.'' (ભ.ગી.અ. ૧૫.૭) સૂત્રમાં પરોવાયેલા મણકા ખરા, પણ મોતિયનમાળા નહીં. ''મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઈવ.'' (ભ.ગી.અ. ૭.૭) આપણે નામીના યંત્ર ખરા પણ યંત્રી નહીં. ''આમિ યંત્ર, તુમિ યંત્રી. આમિ રથ, તુમિ રથી.'' – રામકૃષ્ણ.

**૧૭. અજપાજાપ :** જે જાપનો કોઈ જાપક નહીં હોવા છતાં, વિના આયાસ કે વિક્ષેપ ચાલ્યા જ કરે. બાજુના ઓરડામાં એકધારો, પણ ધીરો ધીરો રેડિયો વાગતો હોય તેવો... કલ્પનાનો વિષય નથી એટલે કલ્પનાના વાઘા પહેરાવી એના અસલી દેહને ઢાંકવો નહીં. આવી સ્થિતિએ પહોંચ્યા વગર સમર્થ રામદાસ કે હંપીના રાજગુરુ વિદ્યારણ્ય સ્વામીએ કરેલાં આકરાં તપ-અનુષ્ઠાન શક્ય નથી.

પોતાની પીઠે બાંધેલી લાકડીના છેડે બાંધેલું ગાજર ખાવા ગધેડો ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે, તો છેવટે ધૂળમાં આળોટે ! આવો ભય એક પ્રકીર્તિત બૌદ્ધિકે મારી સમક્ષ વ્યકત કરેલો ! મેં સલાહ આપેલી કે એમણે એમની કહેવાતી નાસ્તિકતાનું પૂંછડું કદી છોડવું નહીં ને જાપબાપમાં પડવું નહીં. બધી જ પરિસ્થિતિમાં પ્રામાણિકપણે પૂંછડું પકડી રાખશે તો કદાચ ગજરાજનાં દર્શન થઈ જાય ! ગજરાજ પ્રસન્ન થઈ જાય તો સૂંઢથી ઊંચકી હોદ્દા ઉપર પણ બેસાડી દે !

**૧૮. અશ્વત્થ :** સામાન્ય અર્થ છે પીપળો. વિશેષ અર્થ અશાશ્વત સંસાર. *''ઊર્ધ્વમૂલમધ: શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ । છંદાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્''*– (ભ.ગી.અ. ૧૫.૧) 'શ્વ' એટલે આવતી કાલ. શ્વત્થ એટલે આવતી કાલે આજના જેવો જ રહેનારો. 'અશ્વત્થ' એટલે આવતી કાલ સુધી સ્થિર નહીં રહેનારો, પરિવર્તનશીલ. આવા અશાશ્વત સંસારને પાછો 'અવ્યય', નહીં ખૂટનારો કહ્યો. ઝરણ તો વહ્યા જ કરે છે પણ પાણી બદલાતું રહે છે. નવાં નવાં જળબિંદુ ઝરણાને સાતત્ય આપે છે, એની અશાશ્વતતાને અવ્યય બનાવે છે. સંસારનો પીપળો ઊંધા માથે લટકે છે. મૂળ આકાશમાં હોઈ એનું પોષણ થયા જ કરે છે. એની શાખા-પ્રશાખા ને વિસ્તાર વર્તમાનમાં હોઈ, એ હંમેશાં ફાલેલો-ફૂલેલો લાગે છે. અશાશ્વત હોવા છતાં શાશ્વત જેવો લાગે છે. અવ્યય છતાં અશાશ્વત

એવા સંસારનો કોયડો જેનો ઉકેલાઈ ગયો છે, તે સાચા અર્થમાં વેદોને જાણે છે. 'સિદ્ધાર્થ'નો લેખક નોબેલ ઈનામવિજેતા હર્મન હેસ, આવો 'વેદવિત્' હતો.

**૧૯. માયા :** વાસ્તવમાં જે નથી પણ છે એવી લાગે તે. સીધી લાકડી પાણીમાં બોળવાથી ખંડિત દેખાય એવો વિવર્ત.

જગતના આધારરૂપ મૂળ તત્ત્વ બ્રહ્મને ચોંટેલું એક આવરણ, કેળાની છાલ જેવું. છાલ પણ કોઈ હેતુસર હોય તો મિથ્યા કેમ કહેવાય ? છાલને મિથ્યા ગણીએ તો કેળું વળી, સત્ય કેમ કરી થયું ? આપણા ઉપયોગમાં કેળું જ આવે છે એટલે ? પણ મુમુક્ષુએ તર્ક-બુદ્ધિનું જરીપુરાણું મ્યાન કોરે મૂકી અનુભૂતિની તલવાર તેજ ને ધારદાર રાખવી. દ્વન્દ્વોના બે કિનારા વચ્ચે થઈ વહેતી જીવન-સરિતામાં પોતાનું હોડકું સંભાળીને ચલાવવું. વહેણ ઘણું ખડકાળ છે.

દ્વન્દ્વો તરવાં ને માયા તરવી, બન્ને માયાપતિની કૃપા વગર ગળે પાણો લટકાવી અથવા પગ બાંધીને તરવા જેવી મૂર્ખતા છે. અખો અને કબીર બન્ને આ વાતે સંમત છે :

*''પલકે પલકે પલટાય રંગ, એ તો અખા માયાના ઢંગ''*
*''માન દિયો મન હરખિયો, અપમાને તન છીન,*
*કહે કબીર તબ જાનિયો માયામેં લૌલીન''.* (છીન = ક્ષીણ)

યોગવાશિષ્ઠમાં તળાવમાં પડતાં જંગલનાં પ્રતિબિંબની વાત છે. વસંત ઋતુમાં તળાવ હરખાઈ ઊઠે છે. પાનખરમાં બિચારું બોડું ને ઉદાસ બની, લૂંટાઈ ગયું હોય એવું અનુભવે છે. જંગલમાં દવ લાગે ત્યારે તો તળાવ ચીસ પાડીને ઠૂઠવો મૂકે છે.

**૨૦. કૃપા :** ઇન્દ્રિયો થકી જ જગતનો અનુભવ કરનારા, અમેયને ગજથી માપનારા, આકાશને ત્રાજવે તોલનારા હદના જીવોને, આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી નામી દ્વારા અપાતી અહૈતુકી પણ કામચલાઉ રાહત. અસહ્ય યાતનામાં કે બીજી કપરી પરિસ્થિતિમાં, જ્યારે બધાં જ બારી-બારણાં સજ્જડ વસાઈ ગયાં હોય ત્યારે, નામી દ્વારા અપાતું સંમોહક ઔષધ ('હિપ્નોટિક'). ભવરોગમુક્તિ કે માયાનિવૃત્તિ જ્ઞાન સિવાય થતાં નથી. કૃપાનું પાટિયું ખોવાયેલા, ભૂલા પડેલા જીવને જ્ઞાનના માર્ગે લાવીને મૂકી દે છે. સ્થૂળ ચમત્કૃતિઓમાંથી ઝીણી ને સૂક્ષ્મ અનુભૂતિના પ્રદેશમાં પ્રવેશ કરાવે છે.

**૨૧. અનુગ્રહ :** બેહદને ભાળી ગયેલા જીવનું થતું સંપૂર્ણ નિર્વસ્ત્રીકરણ. રૂપ-યૌવનનું, ધન-વૈભવ-સત્તાનું, કુળ-કુટુંબ-આરોગ્યનું, શ્રીમદ્ ભાગવત-સમર્થિત અપહરણ ને અહમ્ નિર્ગલન. જીવને શિવ બનાવવાની જન્મોજન્મથી ચાલી આવતી પ્રક્રિયાનો અઢારમો ને છેલ્લો કોઠો.

ચાલીસ વર્ષના વેદાન્તી નિસર્ગદત્ત, પોતાના ગુરુ પાસે તપ કરી, ભારતભ્રમણ કરી, મોક્ષનું પોટલું બાંધી પાંચ વરસે ઘરે આવ્યા ત્યારે, પાંચ-છ વર્ષના ગાળામાં ચાર ઘટના ઘટી. લાખોનો બીડીનો ધંધો ઠપ થઈ ગયો, અને એમની માતા, પત્ની ને એકની એક દીકરીનાં અવસાન થયાં. સાક્ષાત્કાર પછી લેવાતી પરીક્ષામાં 'મહારાજ' પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા ! તેત્રીસ વર્ષનું શેષ જીવન, મુંબઈ ખેતવાડીના એક ભંડકિયા ('મેઝેનિન ફ્લોર')માં, પોતિયું ને પહેરણ પહેરી સાનંદ વિતાવ્યું.

**૨૨. સમાધિ :** દેશ-કાળ નિરપેક્ષ ચિત્તની સમાહિત અવસ્થા, જેનો કોઈ ભોક્તા નથી. ભોક્તા હોય તો, 'ઑપરેશન' દરમ્યાનના દેહ જેવી બેભાન અવસ્થા, જેને જ્ઞાન કે સાક્ષાત્કાર સાથે કોઈ સંબંધ નથી. અનાયાસ સતત રહેતી સમાહિત અવસ્થાને કબીરજીએ સહજ સમાધિ કહી છે – *"સાધો સહજ સમાધિ ભલી."*

**૨૩. ભાવ-સમાધિ :** સમાધિનો એક પ્રકાર, જેનું ઉદ્દીપન કોઈ સાત્ત્વિક ભાવથી, નૈસર્ગિક દશ્યથી કે દૈવી સંગીતથી થયું હોય, પરમ આનંદનું થતું આક્રમણ અને દેહનું થતું સંપૂર્ણ પણ કામચલાઉ વિસ્મરણ. ભાવ-સમાધિ પછી ચિત્તની અવસ્થા સમાહિત ન રહેતી હોય તો, સાત્ત્વિક વિષયસુખ, માનસિક વિકૃતિ કે નબળાઈ. સંસારનાં દ્વન્દ્વોની છીપ વચ્ચે, ભાવસમાધિ દરમ્યાન કે તે પછી, જ્ઞાન-મોતી નહીં ઠરતું હોય, તો અતિસંવેદનશીલ વ્યક્તિનો, પાણીવાળા દૂધ જેવો ઊભરો ! સાચી ભાવ-સમાધિ એટલે ક્ષિતિ-નિર્બંધ આકાશમાં હુમાવિહાર*. પરમહંસનું માનસ સરોવર ઉપર થતું યથેચ્છ પણ અન્-આયોજિત સહજ ઉડ્ડયન.

**૨૪. ચેતોવિસ્તાર :** ચેતનાનો, આત્મત્વનો વિકાસ, વિસ્તાર. આધ્યાત્મિક પ્રગતિનો એકમાત્ર માપદંડ. વિશેષભાવથી (જુઓ ક્ર.૧૧) સાવ ઊંધી, અહમ્-નિર્ગલન સાથે સંકળાયેલી, અન્-અંત પ્રક્રિયા. કરુણા ને સમસંવેદનાની, અન્તઃપ્રજ્ઞાની ('ઇન્ટ્યુઈશન'ની) ગંગોત્રી. દેશકાળને ઠેકી જઈ, દૂરને નિકટ લાવનારી, અદશ્યને દશ્ય ને અશ્રાવ્યને શ્રાવ્ય બનાવનારી, ત્રણે કાળનું અત્ર ને અદ્ય રહસ્યોદ્‌ઘાટન કરનારી પ્રક્રિયા. *"મન ઠહરા તબ જાનિયે, અનસુઝ સબ સુઝાય"* (કબીર). પછી બધાં પોતાનાં લાગે, અન્યમાં પ્રવેશી એમનાં સુખદુઃખમાં સહભાગી થવાય, પોતાને પ્રતિકૂળ એવું વર્તન બીજા તરફ થઈ જ ન શકે. 'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષામ્ ન સમાચરેત્'. આચારસંહિતાના એક સૂત્ર તરીકે નહીં પણ અનુકંપાથી સહેજે એવું વર્તન થાય. રામેશ્વરસ્થિત શિવજીના અભિષેક માટે, ઠેઠ ગંગોત્રીથી કાવડમાં ઊંચકીને લાવેલા પાણીને, તરસથી તરફડતા ગધેડાને એકનાથે પાઈ દીધું. ચેતોવિસ્તારની આ પરિસીમા; ભલે અવ્યવહારુ કે મૂર્ખતાભરી લાગે, પણ અનુકરણ કરવામાં ભારે ખતરો છે. જ્ઞાનેશ્વર કહે છે : *"વિશ્વાચે આર્ત માઝે મનીં પ્રકાશલે."* જગતભરના આર્ત ને દુઃખી માણસોની વેદના-યાતના મને થવા લાગી !

**૨૫. સેવા :** ચેતોવિસ્તાર પછી થતી સહજ પ્રવૃત્તિ. ચેતોવિસ્તાર વગરની સેવા એટલે ત્રણ પાયાનો ખાટલો, મસાલા ને વઘારવાળી પણ મીઠા વગરની દાળ. એક અહમ્‌ની જ પિપૂડી કે પડઘમનું રઝાક બેન્ડ ! (જૂના સુરતમાં, દરેક શુભ પ્રસંગ રઝાકનું બેન્ડ શોભાવતું ને સાચવતું)

સેવાનો પ્રાસ મેવા સાથે અકારણ નથી મેળવાતો. મેવા એટલે બીજાના કે પોતાના પૈસે તૃપ્ત કરાતી અદમ્ય ભોગવાસના. (ભોગ સ્થૂળ કે સૂક્ષ્મ હોઈ શકે છે.) મુમુક્ષુએ કદી આ છલનામયી જાહેર પ્રવૃત્તિમાં પડવું નહીં. પરંતુ જીવન-નિર્વાહ માટે આવી પડેલું કામ પ્રામાણિકતા ને નિષ્ઠાપૂર્વક કરી, સમાજને ધારણ કરવા માટે સરકાર દ્વારા વસૂલાતા

* એક પૌરાણિક પક્ષી, જેની જન્મ-મરણ સહિતની બધી અવસ્થા આકાશમાં વીતે છે.

કરવેરા સચ્ચાઈપૂર્વક આપ્યા પછી, જાતને પૂછવું કે પોતાના પર નિર્ભર માણસોનું એ જાણે-અજાણે, સંસ્કારવશ, શોષણ નથી કરતો ને ? રાણીછાપ જૂના ચાંદીના રૂપિયા જેવી ખણખણતી 'ના' સંભળાય પછી જ, વધેલી રકમમાંથી પ્રસંગોપાત્ત, નહીં રહેવાય ત્યારે, અન્યનું દુ:ખનિવારણ ગુપ્તપણે કરવું. *'નેકી કર દરિયા મેં ડાલ'*. તે છતાં ફુરસદની ક્ષણોમાં વિચારવું કે આટલાં વરસોથી સેવા થતી આવી છે છતાં દુ:ખની માત્રામાં કેમ ઘટાડો થતો નથી ? આ દુ:ખ શું રોજી-રોટી-મકાન પૂરતું જ મર્યાદિત છે ? કબીરજી જેવા કેમ કહેતા હશે :

*''જાકે આગે દુ:ખ કહું, સોઉ કહે એકબીસ.*
*દાઝત મૈં દુ:ખ એક સે, કહાઁ રખૂં ફિર બીસ.''*

**૨૬. ગુરુ :** ડહાપણમાં, સમજણમાં, ધૈર્યમાં મોટો અને ભારે તે 'ગુરુ'. સદ્-શિષ્યને અનુગ્રહ-સૃષ્ટિમાં (ક્ર. ૨૧)પ્રવેશ કરાવી દિગંબર કરવા સદૈવ ઉત્સુક. પ્રવેશી ચૂકેલાનો હાથ કદી નહીં છોડનારો, ઈશ્વરનિયુક્ત ભોમિયો.

*''ગુરુ ગોવિંદ થકી છે અધિક, જેની પરમારથ કારણ શીખ*
*ગોવિંદના સરજ્યા પળ્યા જાળ, ગુરુ એની મુક્તિ કરાવે તત્કાળ.''* (પ્રીતમ)

અહમ્ નામનો બહુરૂપી ગમે તે વેશ ધારણ કરી શકે છે. ચોવીસ કલાક દેહમાં રહેનારો જીવ 'આત્મા' બની શકે છે ! વારેવારે પાછલા પગ ઊંચા કરી ઘોડો અસવારને ઊથલાવી પાડતો હોવા છતાં દેહને ઘોડો અને આત્માને અસવાર કહેવાની ધૃષ્ટતા કરી શકે છે. તત્ત્વત: વાત ખોટી નથી પણ જેણે કદી ઘોડો જોયો નથી કે સવારી કરી નથી તેના માટે અહમ્‌ની કોઠીમાંથી ફૂટતી આતશબાજીથી વધુ નથી. ''આત્મા જ મારો ગુરુ છે'' એમ માનવું કે કહેવું, આત્મવંચનાની હદ છે ! સાચો ગુરુ અધ્યાત્મપ્રદેશનો મોજણીદાર ('સર્વેયર') છે. અહમ્ ને આત્માના પ્રદેશને નોખા તારવી, શિષ્ય માટે વાડ બાંધી આપે છે. ગુરુનું મહત્ત્વ સમજાવનારા, ગુરુ પર ઓળઘોળ થનારા, જ્ઞાનેશ્વર કે સમર્થ રામદાસ જેવા જ્ઞાનના મેરુ સમાન મહાત્માઓનું સ્મરણ કરી, સાધકે અલૌકિક ગુરુની રાહ જોવી. નહીં મળે, તો નિ:સંગ ને સત્યનિષ્ઠ રહેવું. સીનો નહીં તાણતા તૃણથી દીન બનવું *('તૃણાદપિ સુનીચેન'....)* પણ ગરજે ગધેડા-ગુરુને બાપ બનાવવો નહીં. ગધેડા પર ઘોડાનું આરોપણ કરી મુમુક્ષાના અગ્નિને ઢબૂરવો નહીં. પોતે પોતાના કે અન્યના ગુરુ તો કદી બનવું નહીં.

*''બંદે સે બંદા મિલા, છૂટે કૌન ઉપાય ?*
*સંગત કર નિર્બંધ કી, પલમેં દિયા છુડાય''* (કબીર)

(બંદા = બંધા, બંધાયેલો. અહીં 'સેવક' અર્થ અભિપ્રેત નથી બલ્કે સેવક પણ માલિકનો બંધાયેલો જ છે !)

**૨૭. અનુભવી :** ગુરુનો પર્યાયવાચક શબ્દ. અનુભવી કે ગુરુને લિંગ, જાતિ, વર્ણ, કુળ કે વિદ્યાના ભેદ નથી હોતા. જીવનની તડકી-છાંયડી જોઈ ચૂકેલાં, હરખ ને શોકની હેડકી ખાઈ ચૂકેલાં, મીરાંબાઈ, ગંગાસતી, ભૂરીબાઈ, ગોદાવરી મા (ઉપાસની મહારાજનાં)

જેવાં, ગૃહસ્થીની બધી જવાબદારી ને સંબંધો સાચવીને, ચોપડા વાંચ્યા વગર, ભવસાગર તરી ગયેલાં, આજન્મ વૈરાગી. એમના ભેજામાં લોકોનો ઉદ્ધાર કરવાનાં મસમોટાં આયોજન નથી હોતાં. ચાલુ, સામાન્ય ગુરુઓ એમની સમક્ષ કેવા લાગે છે ? કબીરજી કહે છે :

*"હદમેં બૈઠત કથત હૈ, બેહદકી ગમ નાહિ,*
*બેહદકી ગમ હોય તો કહનેકુ કછુ નાહિ."*

આવા અનુભવી માટે ત્રણે કાળમાં કશું કરવાનું હોતું નથી. "ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન." (ભ.ગી.અ. ૩-૨૨)

**૨૮. તપ :** કોઈ મહદ્ પ્રાપ્તિ અર્થે, દેહ-મનને અપાતું સ્વૈચ્છિક કષ્ટ. અધ્યાત્મ સાથે કશો સંબંધ નથી. સાક્ષાત્કાર માત્ર તપ-અનુષ્ઠાનની ચાવીથી ખૂલતું તાળું નથી. ઈશ્વર-અનુગ્રહથી થતો ચમકાર કે ચમકાર-પરંપરા છે. *"શું ગજું જે હું અવિદ્યા જીતી, કરું ચરણકમળ પર નેડો"* (દયારામ).

પારંપરિક રીતે થતા 'ધાર્મિક' તપથી અહંકારવૃદ્ધિ ને પુણ્ય-ક્ષય થાય છે. જીવનમાં આવતાં સુખદુ:ખ અને દ્વન્દ્વોના શાંત સ્વીકારમાં પરમ તપ છે. આ પ્રક્રિયા -જાગૃતિ અને પ્રપત્તિ- મૃત્યુપર્યંત ચાલુ રહે તો જ ઉગ્ર સત્યની, કેવળ હોવાપણાની, ઉપલબ્ધિ થાય. *"આમૃત્યુ દુ:ખેર તપસ્યા એ જીવન/સત્યેર દારુણ મૂલ્ય લાભ કરિબારે"* (રવીન્દ્રનાથ). આવા તપથી અહંકારનું બીજ, ખબર ન પડે એમ આપોઆપ બળી જાય છે.

**૨૯. સિદ્ધિ :** તપના પરિણામ રૂપે થતી ઇપ્સિત ફળની પ્રાપ્તિ. વરસો સુધી નિયમિતપણે કોઈ દોડે તો પગના સ્નાયુ મજબૂત થાય પણ નીરોગી શરીર આહાર-વિહારના સમતુલનથી બનતું હોય છે. સિદ્ધિ માત્ર એકાંગી ને આંશિક પ્રાપ્તિ હોય છે.

ઈશ્વરના વિભૂતિ તત્ત્વનું, દરેક અદના ને અન્-આધ્યાત્મિક માણસમાં પણ થતું ઝીણકું પ્રાગટ્ય.

અધ્યાત્મક્ષેત્રે, ભુવનમોહિની માયાદેવીનું જીવને પછાડવાનું બ્રહ્માસ્ત્ર. *"અખા જે હોય તજવા જોગ, માયા તેનો જ કરાવે ભોગ."*

સાપ-સીડીની રમતમાંનો સાપ. નવ્વાણુએ પહોંચેલાને નવમા ઘરમાં ઉતારી મૂકી બેહાલ કરનારી સર્પિણી ('કુન્ડલિની').

માખી મારવા માટે ફોડાતી તોપ ! 'રામકૃષ્ણ કથામૃત'માં પાણી ઉપર ચાલવાની સિદ્ધિ મેળવીને આવેલા સાધુની વાત આવે છે. ઠાકુર પાંચ શબ્દમાં સિદ્ધિની મશ્કરી કરતાં કહે છે : "બાર વરસમાં એક પૈસો કમાયો ?" (તે જમાનામાં નદી પાર કરવાનો એક પૈસો આપવો પડતો.)

**૩૦. ચમત્કાર :** પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન કરીને કે કર્યા વગર સાધકની અંતરગુહામાં ઘટતી, અહમ્‌ના ખસીકરણ ('કાસ્ટ્રેશન')ની દારુણ ઘટના. હદના જીવને બેહદના મુલકની ઝાંખી કરાવવા સિદ્ધ ગુરુઓ મારફત કવચિત્ જ વપરાતું પ્રક્ષેપાસ્ત્ર. પ્રક્ષેપક, ચમત્કારને પોતાની પાઘડીનું છોગું માને તો, સાધક બેહદમાં પહોંચતો પહોંચે, ગુરુ દેવલોકમાં અવશ્ય પહોંચે !

**૩૧. પૂર્ણકામત્વ :** તરસ લાગી ને પાણી પીધું. તરસ છીપી, પ્રાણને તૃપ્તિ થઈ. પાણીની 'કામના' પૂરી થઈ. જો અંતરમાં એવું કંઈક ઘટે કે પાણી પીધા વગર પાણી પીધા જેવી તૃપ્તિ થાય, તો તેને શું કહેવું ?

યુવાન રામ જગતની ચિંતા કરતા કરતા 'ડિપ્રેશન'માં ચાલી ગયેલા. દશરથ રાજાએ એને રાજગુરુ વશિષ્ઠ પાસે મોકલ્યા. રામે જે પ્રશ્ન-પરિપ્રશ્ન પૂછ્યા અને વશિષ્ઠે જે સમાધાન આપ્યું તે યોગવાશિષ્ઠ. યોગવાશિષ્ઠમાં આ શબ્દ સમજાવ્યો છે. ઝીણો શબ્દ છે, મોંઘેરું વરદાન છે, દુર્લભ અનુભૂતિ છે. કુગુરુની દુકાનમાં પૂર્ણકામત્વ છૂટક કે જથ્થાબંધ ખરીદી શકાતું નથી. *''તુંબડું જ્યમ માંહેલું મરે, તો જે લઈ પેસે તે સહુ તરે''* (અખો.) જે ગુરુનો 'માંહેલો' અહમ્ જ મર્યો નથી તે પોતે ડૂબે છે ને શિષ્યોને પણ તળિયે પહોંચાડે છે.

**૩૨. સંન્યાસ :** ગીતાકારની વ્યાખ્યા સ્પષ્ટ છે : ''કામ્યાનાં કર્મણાં ન્યાસં, સંન્યાસં કવયો વિદુઃ'' (ભ.ગી.અ. ૧૮.૨). આ શ્લોકમાં ગૃહત્યાગ, પહેરવેશ કે પંચકેશના મુંડન-વર્ધનનો ઉલ્લેખ નથી. વાત ફક્ત કામ્ય કર્મત્યાગની છે. આવી પડેલાં દૈનંદિનીય કર્મ, ગમે તેટલાં અપ્રિય, થકવી નાખનારાં, કંટાળાજનક, માથાકૂટિયાં કે કાળને ખેંચી-તાણી લંબાવનારાં હોય તો પણ સંન્યાસીએ કરવાં. ધન કે યશ અપાવનારાં, આબરૂ-મોભ્ભો વધારનારાં-સાચવનારાં, કાળક્ષેપન માટે, મનોરંજનાર્થે કે મન-શરીરનો થાક ને તાણ દૂર કરવા માટે થતાં ગમતાં, કામ્ય કર્મ ન કરવાં. કામ્ય કર્મની યાદી દરેક મુમુક્ષુએ પોતપોતાની બનાવવી અને અન્યની યાદી સાથે સરખાવવી નહીં કે અન્યની આચારસંહિતા રચવી નહીં. દરેકનો માંહ્યલો પોતાની નબળાઈ જાણે જ છે. વળી, પાયાનો પ્રશ્ન એ છે કે કોઈએ પણ સંન્યાસી શા માટે બનવું ?!

આ સંદર્ભે આધુનિક આશ્રમોમાં વસતા સાંઢ જેવા સંન્યાસીઓનો ઘડીક વિચાર કરવો. આપણાં મંદબુદ્ધિ કે વિકલાંગ બાળકોની જેમ એમને ચાહવાં, પણ ચણાને ઝાડવે ચઢાવી દેવાં નહીં. દીકરો કે દીકરી સાધુ થઈ ગયાં છે એવી ડિંગ નહીં મારવી, ભ્રમ નહીં સેવવો. ખળે ખબરું લેવાશે, તેનો ખ્યાલ રાખી આપણે અનુકંપા રાખવી.

**૩૩. લોભ :** ઓછી કે નહિવત્ મહેનતે અથવા વગર મહેનતે ઝાઝું રળવાની લાહ્ય. સટ્ટો, ધૂત, ઈનામી યોજના, લોટરીના પાયામાં રહેલી માનવ-સહજ વૃત્તિ. અધ્યાત્મક્ષેત્રે ખતરનાક. એક ગુરુજનના મતે ધૂર્ત ગુરુઓના ભરણ-પોષણ-વૈભવ ને કરોડોની મિલકત પાછળનું રહસ્ય.

''કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન્'' (ભ.ગી.અ. ૨.૪૭). જુદા જુદા પ્રસંગે બોલાઈ-લખાઈ-ટીપઈને ખોખરા થઈ ગયેલા ગીતાવચન કરતાં સાવ સામા છેડાની વૃત્તિ. પોતાનાં કર્મફળ ઉપરાંત બીજાંનાં પણ ઝૂંટવી લેવાની તીવ્ર ઝંખના.

કામ-ક્રોધ-લોભ-મોહની ચોતારી શ્રૃંખલામાંનો એક સોનેરી તાર. *''આમિ બહુ વાસનાતે પ્રાણપણે ચાઈ''* (રવીન્દ્રનાથ). હું ઘણી બધી વાસનાને જીવની જેમ ચાહું છું. મારે આ પણ કરવું છે, ઓલું પણ કરવું છે, આવી અભરખાની દિવસ-રાત બળતી ભઠ્ઠી તે લોભ.

પોતે પોતાનામાંથી બનાવેલું પાંજરું, જેનું છટકું કોઈ અગમ્ય કારણસર બંધ થઈ જાય ત્યારે, જીવ પોતાના પાંજરામાં પહેલો ને છેલ્લો શિકાર બને છે.

**૩૪. લીલા :** સંકલ્પ-વિકલ્પ વગરની, ફળનિરપેક્ષ ને સ્વયંસ્ફુરિત, સહજ ક્રિયા કે પ્રવૃત્તિ. લીલાનો કોઈ કર્તા નહીં હોઈ ભોકતા નથી અને નવું પ્રારબ્ધ નિર્માણ થતું નથી.

બાળક સાંજે રેતીનો મહેલ બનાવે, સજાવે, શણગારે, રાતે ભરતીનાં પાણી એને તાણી જાય, છતાં સવારે ઊઠી માને મહેલ વિષે કંઈ પૂછે સુધ્ધાં નહીં તે લીલા. સાંજે પાછો પૂરા ઉત્સાહ ને વિસ્મયપૂર્વક, ખંતથી નવો મહેલ બનાવે તે લીલાનું અતિનિરમળું સ્વરૂપ. ભગવદ્‌ગીતામાં 'બહુલાયાસમ્ કર્મ'નો નિષેધ છે તે મુમુક્ષુના દરેક કર્મને લીલા ભણી લઈ જવા. *''હેત વિના પ્રવૃત્ય બહુ વધે, જયમ હૂંસે કુબુદ્ધિ બેસે ગધે''* (અખો). પ્રભુપ્રેમ વગર પ્રવૃત્તિનો પસારો પહોળો ને પહોળો થતો જાય છે. પછી લીલાનો અંત આવે છે અને ફજેતીનો આરંભ. માણસ હોંશેહોંશે ગધેડા પર બેસી જગતના બજારમાં ફરવા નીકળે છે !

કેટલાક મંદબુદ્ધિ ને વેવલા જેને કર્મયોગ કહે છે, તે કર્મરોગમાં 'લીલા'નાં રકતકણ ઘટી જાય છે અને માણસ કણસી કણસીને બત્રીસ પ્રકારના ત્રાસ આપનારાં ચિંતા, વિષાદ ને કંટાળારૂપી સંતાનો જણે છે !

**૩૫. સમ-વિષમ :** સમ એટલે કાળનું અન્-અસ્તિત્વ. વિષમતા આવી કે કાળ આવ્યો. પાછળ પાછળ એકસામટાં, કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેષ, ઈર્ષ્યા, શોક, ક્ષોભ આદિ રિપુઓની ફોજનો 'ગેરિલા' હુમલો થયો જાણવો. અન્યોન્ય આશ્રયી હોઈ, મુમુક્ષુએ કદી વિષમતાની મરઘી પહેલી કે ઈંડું, એવો પ્રતિપ્રશ્ન પૂછવો નહીં. 'અ-કાલ'માં રહેવું એ શ્રેષ્ઠ સર્જન છે (જુઓ ક્ર.૩૮). બીજાં સર્જન પ્રકૃતિગત ને આદતવશ થતાં હોઈ શોકનાશ કરતાં નથી. સંસારનું શમન નહીં, વૃદ્ધિ કરે છે.

''ઇહૈવ તૈર્જિત: સર્ગો યેષામ્ સામ્યે સ્થિતં મન:'' (ભ.ગી.અ. ૫.૧૯) જેનું મન સમતામાં સ્થિર થયું છે, તેણે આ ભવમાં જ સંસાર જીતી લીધો છે.

અજાગ્રત મન છેતરી શકાતું નથી. સમય આવે ત્યારે — ઊંઘમાં, બેભાન અવસ્થામાં, જરા-વ્યાધિની કટોકટીમાં — ખુલ્લું થઈ જાય છે, સમતાનો મહોરો સહેજ ખસી જાય છે. માણસે અકળાવું, મૂંઝાવું, જાહેરમાં કે ખાનગીમાં રડી લેવું પણ સમતાનો મહોરો પહેરવો નહીં. કદાચ આવી નિ:સહાયતામાં જ સમતા છાતીમાં આવીને ગોઠવાઈ જાય.

**૩૬. સરળતા :** ઉપરથી નીચે ઊતરતો પાણીનો રેલો. *''વારિયાંચિ ધાવ તૈંસે સરળ ભાવ, શંકા આણિ હૉંવ જયાંચિ ના''* (જ્ઞાનેશ્વર). પાઘડીમાં કે પેટમાં આંટીઘૂંટી, કપટ, ગુપ્તતાનો અભાવ, જેથી પાઘડીનું ટોપીમાં રૂપાંતર થાય અને પેટ, રવિશંકર મહારાજ જેવું, મૂઠી ઊંચેરા માનવીનું બને. શંકા અને ભય વરાળ થઈ ઊડી જાય.

**૩૭. સહજતા :** સરળતાની સહ-જા, જોડિયણ બહેન. સર્જન માત્રની જનેતા. સહજ સર્જન ઉત્તમ જ હોવાનું ને એટલે અંશે કાળને ઠેકી જવાનું. અન્-અન્યતા સહજતાનું પ્રમુખ લક્ષણ છે.

**૩૮. સર્જન :** ચૈતન્યનું સાતત્ય. માણસનું ઉત્તમ સર્જન એની સંતતિ. એ જીવતો નહીં હોય ત્યારે એની આછી યાદ અપાવનારો રૂપ-રંગ-ગુણ-આકારનો ગઠ્ઠો તે સંતાન.

વ્યકત થકી થતી અવ્યકતની પ્રસૂતિ. સંતતિ જે સ્થૂળ રૂપે સાધે છે તે જ સૂક્ષ્મ રૂપે સાહિત્ય-સંગીત-કળાનું કે અન્ય સર્જનાત્મક માનવી-પ્રવૃત્તિનું લક્ષ્ય છે. (વળી, કઈ પ્રવૃત્તિ સર્જનાત્મક નથી ?)

કાળનું અન્-અસ્તિત્વ તે મનુષ્યનું શ્રેષ્ઠ સર્જન છે. *''લેખે મેં સોઈ ઘડી બાકીકી સબ બાદ''* (કબીર). રમણ મહર્ષિ સમેત અનેક સંતોની આંખ આવા સર્જનની ઉજમાળી છબિ ઝીલતી હોય છે.

**૩૯. પ્રચોદકશક્તિ :** ('ડાઈનેમિસિટી') : ગાયત્રી મંત્રના ક્રિયાપદમાં ('પ્રચોદયાત્'') જેનો સંકેત છે તે ધક્કો મારનારી પ્રેરક શકિત. સાધનામાં ગતિ, વેગ ને ઉત્સાહ લાવનારી, પણ અમુક તામસી-રાજસી સાધકો માટે બાધક, ગતિઅવરોધક. અદમ્ય શકિતના ઊભરાવાથી ભસ્માસુર જેવી. ગાયત્રીના ઉપાસકો સામાન્યત: ક્રોધી હોય છે. તેજસ્વી હોય પણ ડહાપણમાં, જીવન વિષેની સમજણમાં ઊણા.

*''જિસકો પતા નહીં, ઉસે જોશો-ખરોશ હૈ*
*જો પા ગયા હૈ કુછ વહ ગુમ હૈ, ખામોશ હૈ.''* (અજ્ઞાત)

જેને અધ્યાત્મના નિર્જન-નીરવ પ્રદેશનો પરિચય નથી, તત્-ત્વની ઓળખ નથી તેવા ઉત્સાહી ને આવેશયુકત સાધકોના ધમપછાડાને છેડો નથી. જે કંઈક પામી ગયા છે, તે ઉન્મની અવસ્થામાં રહેતા હોઈ ખોવાયેલા ખોવાયેલા લાગે છે. ધીર, ગંભીર ને શાંત છે.

**૪૦. નમ્રતા :** પોતે ચૈતન્યના એક કણથી વિશેષ કશું નથી, એવી વૈશ્વિક ('કૉસ્મિક') અનુભૂતિમાંથી પરિણમતી, પથ્થર ઉપરની લકીર જેવી નિશ્ચલ અવસ્થા. વિચારોનાં થીંગડાં મારીને સીવેલો, ઘરમાં કે બહાર જતી વખતે પહેરવાનો, (અમારા એક કાળના ગોપીપુરા, વ્હોરવાડની 'બૂ'નો) રંગીન કે કાળો બુરખો નહીં. તુકારામ જેવા સંતો જ સ્પષ્ટ ને અસંદિગ્ધપણે કહી શકે :

*''માઝિયા મીપણા વરી પડો પાષાણ,*
*જળો હી ભૂષણ નાવ માઝે.''*

(મારા અહંકાર પર પથરા પડો ને પૂળો મૂકો મારા આ સુંદર સુશોભિત નામ પર.)

**૪૧. આત્યન્તિક નમ્રતા :**

*''જે જે કર્યું તે તમે જ કર્યું, મેં તે શું કર્યું ?''* (સરોદ)
*'મેરા મુજમેં કછુ નહીં, જો કછુ હૈ સો તેરા.''* (કબીર)

આવો ભાવ સતત, તીવ્રપણે, દિવસ-રાત, ઊંઘમાં ને સ્વપ્નામાં સુધ્ધાં અનુભવવો તે આત્યન્તિક નમ્રતા. જ્ઞાનીનો અભિગમ શબ્દભેદે જુદો નથી. *''નૈવ કિંચિત્ કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્''* (ભ.ગી.અ.૫.૮) 'મારી સાથે જોડાયેલો તત્ત્વને જાણનારો અનુભવે છે કે હું કશું જ કરતો નથી.' પછીના દોઢ શ્લોકમાં કઈ કઈ પ્રવૃત્તિ કરતાં આવું અનુભવે છે તેની યાદી છે.



Acc. No. 130281
Date

**૪૨. આશા-નિરાશા :** સૌ પ્રથમ કબીરજીની માર્મિક સલાહ સાંભળી લઈએ.

*''આશા તો એક રામકી, દુજી આશ નિરાશ*
*નદીકિનારે ઘર કર, કબહૂઁ ન લાગે પ્યાસ.''*

આછું આછું મલકતાં, પવનમાં ડોલતાં, વૃક્ષ ઉપરનાં ફૂલોને અવગણી કોઈ મૂરખ ખરેલાં, વિવર્ણ ને ચીમળાયેલાં ફૂલોની ગણતરી ને અભ્યાસ કરે તો તેને સહેજે મળતો તોફો તે નૈરાશ્ય.

નૈરાશ્યનો ઉપાય અડધો પ્યાલો ભરેલો છે એવું ''પોઝિટિવ થિંકિંગ'' કરવામાં નથી, પણ પ્યાલામાં પાણી જેવું દેખાય છે તે ખરેખર પાણી છે કે અમુક ખૂણેથી પડતાં સૂર્ય-કિરણોએ ઊભો કરેલો પાણીનો આભાસ, તે તપાસવામાં છે. વળી, તુલસી-વચન પણ આ સંદર્ભે સૂચક છે : *'મૃગતૃષ્ણાકે નીરમેં ન કછુ મધુ-કટુ સ્વાદ.''*

મરણ નિશ્ચિત જ હોય, જગતભરની વેદના, ત્રાસ ને અકળામણ મોં-શરીર પર સ્પષ્ટ હોય છતાં કહેવું કે 'હું ઠીક છું, મઝામાં છું' ('આઈ એમ ફાઈન'), એ બહાદુરી કે આશાવાદ નથી. લબાડીની, હવામાં ફોડાતી ગોળા વગરની તોપ છે !

ગજાનન મહારાજની પ્રાત:કાળની (કાકડ) આરતીમાં રોજ યાદ કરાતી આશાને સમજવામાં શાણપણ છે. *''આશા સટવી ટી ટી કરુનિ નાચવિતે અવનિ.''* મહારાષ્ટ્રના અમુક વિસ્તારોમાં, બાળકના જન્મ પછીના છઠ્ઠા દિવસે, ખુલ્લાં ખેતરોમાં લઈ જઈ પહેલી વાર એને લપેટેલું કપડું ખસેડી, બાળકને વિશાળ આકાશ ને પ્રકાશનો અનુભવ કરાવવાનો રિવાજ છે. ત્યારે ભાગ્યદેવી ('સટવી') એના છઠ્ઠીના લેખ લખે છે. બસ, તે દિવસનો આશા જીવનો કબજો લે છે તે ઠેઠ ચિતા પર્યન્ત. સમસ્ત જગતને એ નચવે છે ને ઠી...ઠી... કરી મશ્કરી કરે છે. ભક્ત વહેલી સવારે વિનંતી કરે છે, હે ગજાનના ! તમારી હાજરીમાં, આ વંઠેલ મારામાં કદી જ ધામા ન નાખે એવું વરદાન આપો ! *''ત્યાચા ટિકાવ કધી ન લાગે, તુજ પુઢતી સાચા.''*

**૪૩. પાપ-પુણ્ય :** અહમ્‌ના બકરાને તગડો કરે, એની મેં-મેં વધારે તે બધું પાપ. ''ઇતિ મે-મે કુર્વાણમ્ વૃકો ભક્ષતિ નરાજમ્.'' જે બકરો વધારે મેં-મેં કરે તે કાળવરુનો વહેલો કોળિયો થાય છે. અહમ્‌ને આઘાત આપે, અનાવૃત્ત કરે, ક્ષીણ કરે, પીસે-દળે ને બારીક ચૂરણ બનાવે તે પુણ્ય. અલૌકિક ગુરુ નિ:સ્પૃહ હોઈ આ ક્રિયામાં પાવરધા હોય છે. અહમ્‌નું ચૂરણ બનાવી એક ફૂંકમાં ઉડાડી દેવા સમર્થ.

આત્મશ્લાઘાથી ને પોતા વિષે ઊંચા ખ્યાલો ધરાવવાથી પુણ્યક્ષય થાય છે. ધન-સંચયથી મોંઘી-સસ્તી, જરૂરી-બિનજરૂરી વસ્તુ ખરીદી શકાય છે તેમ, પુણ્યસંચયથી માયાનિવૃત્તિ થઈ શકે છે પણ જીવ બિચારો પાપ-સંચયમાં ચોવીસ કલાક રોકાયેલો હોઈ અધૂરિયો, ભૂખ્યો ને બદ્ધ રહે છે. અહમ્‌ને અકબંધ રાખવામાં, સંભાળવામાં, અહમ્‌ને જુઠાણાના વિધવિધ વાઘા પહેરાવવામાં-ઢાંકવામાં, અહમ્‌ની જર્જરિત ઈમારતને હજાર ટેકા આપીને ઊભી રાખવામાં પુણ્ય-ક્ષય ને પાપ-વૃદ્ધિ કર્યા જ કરતો હોય છે. રોગ મટાડવા કરતાં છુપાવવામાં એ વધુ કષ્ટ લે છે.

**૪૪. વેદાન્ત :** વેદ+અન્ત. 'વેદ'નો, જાણવાનો જ્યાં અંત આવે અને અનુભૂતિના પ્રદેશમાં પ્રવેશ મળે તે માટેનું શાસ્ત્ર. એક પ્રકારનો 'વીસા', જે થકી સાધક નિર્વિચાર, નિર્વિષય ને નિરીચ્છ અવસ્થામાં, તત્ત્વમાં સ્થિર થાય. વેદાન્તી એટલે સર્પ ને રજ્જુની, ઘટ ને પટની, બ્રહ્મ ને જગતની ચર્ચામાં, શબ્દ-કપાસનાં પીંજણ-કાંતણમાં પ્રવીણ ને ચાટુ નહીં પણ રમણ મહર્ષિ જેવો પ્રશમ પામેલો, માખણથી મૃદુ ને કરુણાથી ઊભરાતો પ્રેમાળ જ્ઞાની. (*''મૃદુ સબાહ્ય નવનીત''*.... તુકારામ)

**૪૫. એકાન્ત :** એક+અન્ત. એકનો, અહમ્‌નો જ્યાં અંત આવે અને અન્-એક સાથે પ્રેમના, સહાનુભૂતિના તાંતણે જોડાવાનો અવકાશ મળે તેવું સ્થળ અથવા અવસ્થા. સ-જન, નિર્જન, બહુજન સાથે એકાન્તને કશો સંબંધ નથી. બલ્કે આવા જન-સાપેક્ષ એકાન્તમાં માનવ-સહજ વિકૃતિઓ પાંગરે છે. *'ઘન વરસે વન પાંગરે'*. આ સંદર્ભે આધ્યાત્મિક આશ્રમોમાં થતાં વિવિધ જાતીય કૌભાંડો ને પરાક્રમોના ઇતિહાસ તપાસવા જેવા છે. આવા આશ્રમોમાં કોઈ ને કોઈ રીતે ચેલકાઓને રોકાયેલા રાખવા, મઠાધિપતિને તનતોડ ને ભેજાફોડ મહેનત કરવી પડે છે.

*''એકાન્તભક્તિર્ગોવિન્દે યત્ સર્વત્ર તદીક્ષણમ્''* (ભાગવત : ૧.૭.૭). એકાન્તિક ભક્તિ એટલે એકનો (અહમ્‌નો) અંત લાવનારી, ચેતોવિસ્તાર કરનારી, ગોવિંદની અવ્યભિચારિણી ભક્તિ, જેથી સર્વમાં ગોવિંદનું દર્શન થાય, બધાં પોતાનાં લાગે અને બધામાં ગોવિંદ જ વિલસતો અનુભવી શકાય.

**૪૬. અવ્રણમ્ :** વ્રણ એટલે ઘા અથવા રૂઝ આવ્યા પછીનું ઘાની યાદ અપાવતું ચિહ્ન. શારીરિક વ્રણની પાછળ પણ લાંબીલચક વીતક કથા હોય છે તો માનસિક વ્રણની દુ:ખદ સ્મૃતિનો ગોવર્ધન, ટચલી આંગળીએ નહીં, બે હાથે પણ જીવ કેવી રીતે ઊંચકવાનો ? અવહેલના, ઉપેક્ષા, અપમાન, વિશ્વાસઘાત, અપજશ, માનહાનિ, દોષારોપણ, ગેરસમજ, અવમૂલ્યાંકન, અવળું મૂલ્યાંકન —આ બધાંના વ્રણનો છેડો ક્યાં ? હાડકાંના સાંધા, હૃદય, હોજરી ને મોટું આંતરડું, માનસિક વ્રણને સંઘરતાં હોય છે અને કાળક્રમે રોગગ્રસ્ત થઈ વિરોધ દર્શાવે છે. ભેજવાળા અંધારામાં વંદા વધે તેમ વ્રણ નિત્ય વૃદ્ધિ પામતા હોય છે. જેને એકે સ્વજન, આપ્તજન કે ગુરુજન નથી તેની મૂંઝવણ અકલ્પનીય છે. ઇલિયટ કહે છે તેમ, રણ દૂરસુદૂર સહરામાં નથી, બસ-ટ્રેનમાં તમને અડીને બેઠેલા સહ-યાત્રીમાં જ છે. આવા વ્રણ એકલતામાં વજ્રલેપ બને છે અને જન્મોજન્મ પોતાની છાપ, સંસ્કાર મૂકી જાય છે.

કબીરજીએ કહ્યું *''જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયાઁ.''* મુમુક્ષુની સામેનો આ સૌથી મોટો પડકાર ને કસોટી છે –એકે ડાઘ વગર, જીવનાન્તે માલિકને ચોખ્ખી ચાદર પાછી આપવી.

બિંબનું પ્રતિબિંબ સ્પષ્ટ પડે તે માટે રોજ અરીસો સાફ કરવો અવ્રણની સાધના છે. સ્પષ્ટ-અસ્પષ્ટ પ્રતિબિંબ સાથે પણ અરીસાને કશો સંબંધ નથી એ સતત અનુભવવું, અવ્રણ-વ્રતની સમાપ્તિ. કટુ-મધુર સ્મૃતિ વગર, કાચીપાકી ગાંઠ બાંધ્યા વગર, નાચવું, ગાવું, રોવું, હસવું અને સમય આવે ત્યારે માલિકને ચાદર પાછી આપી દેવી, એ જીવન અને મરણ બન્નેને એકસાથે માણવાનો કીમિયો છે. ભૂતકાળની સારી-નરસી

વીતક-કથાના પાત્ર મટી, વર્તમાનની અબોટ ક્ષણમાં જીવવું કે મરી જવું સરખું જ છે. બન્નેમાં ચૈતન્યનું બિંદુ અમીટ રહે છે, ભૂંસાતું નથી.

**૪૭. જીવન :** સામાન્ય રીતે સુખદુઃખ, લાભ-હાનિ આદિ દ્વન્દ્વોની રમતમાં વ્યતીત થઈ વેડફાઈ જતી વાંઝણી ક્ષણોનો અર્થહીન ('એબ્સર્ડ') સરવાળો. સાહેબના એકડાનો છેદ ઉડાવ્યા પછી શેષ રહેતી કરોડ મીંડાંવાળી સંખ્યા ! ગમે તેટલી વાર ગણો છતાં, ખાલીપા ને ઊણપ સાથે જ તાળો મળે ને છતે કપડે માણસ જાતને નાગી અનુભવે !

મુમુક્ષુ જીવો માટે, બહુમાળી મકાનના ભોંયતળિયેથી અગાશીએ પહોંચાડતી ગોળ ફરતી સીડી (મુંબઈનાં જૂનાં મકાનોમાં આગ લાગે ત્યારે ભાગવા માટે વપરાતી.) ઈમારતના ગમે તે માળે હોઈએ તો પણ, નીચેનું દશ્ય જોઈ માયાપતિને ચરણે વંદન કરી મુહુર્મુહુ અનુભવાતી ધન્યતા. જીવન એટલે શૂન્યમાં પરિણમતો ખાલીપો નહીં પણ પૂર્ણની અનુભૂતિ કરવાનો સુઅવસર.

**૪૮. મૃત્યુ :** રજકણ જેટલા ઘન-દ્રવ્ય આસપાસ પાણી અને હવાની મદદથી રચાયેલા ચૈતન્યના એક પરપોટાનું ફૂટી જવું, અનંત કાળમાં વિલીન થઈ વીસરાઈ જવું. રૂપ-રંગ-આકારના ભેદે પરપોટા જુદા લાગે ખરા પણ અંતે તો ક્ષણભંગુર પરપોટા.

કેટલીક વૃદ્ધ (વધેલી) વ્યક્તિઓ માટે 'આસપાસ ચોપાસ' અનવરત ચાલતા જીવન નામના મહોત્સવમાં એક અલ્પવિરામ. લંગર ઉઠાવી જીવન-તરણીને શાન્તિ-પારાવારમાં વહેતી મૂકવી. *''સંમુખે શાન્તિ પારાવાર, ભાસાઓ તરણી હે કર્ણધાર !''* (રવીન્દ્રનાથ)

મહેફિલમાંથી ઊઠીને ચાલ્યા જવું, જેથી મોડા આવેલાને બેસવાની જગ્યા મળે અને મહેફિલની રોનક ઝંખવાય નહીં. *''હજારોં ઉઠ ગયે લેકિન વહી હૈ રોનક મહેફિલ કી.''* (અજ્ઞાત)

કેટલાક માટે રજ-વીર્યના આકસ્મિક સંયોગથી અસ્તિત્વમાં આવેલા મનુષ્ય નામના હાડ-માંસ-મજ્જાના પિંડનું નિશ્ચેતન થવું. ખાઈ-પીને મોજ કરવાની, છેલ્લે-છેલ્લે થકવનારી, કંટાળાજનક, પ્રવૃત્તિમાંથી થતો અંતિમ ને સુખદ છુટકારો. રશિયા સમેતના યુરોપીય-અમરિકી ઘાંચીઓ (બૌદ્ધિકો-વિચારકો) માટે, રેતીમાંથી તેલ કાઢવાની ઘાણીનું હંમેશ માટે અટકી જવું, બંધ પડવું.

**૪૯. ઇચ્છા-મૃત્યુ :** ઇચ્છા માત્રના મૃત્યુ પછી થતો દેહત્યાગ. છીંક, ઓડકાર, કે મળ-મૂત્રત્યાગ જેવી એક નૈસર્ગિક ક્રિયા. આગોતરાં એંધાણ આવે ખરાં પણ તેય નિસર્ગનો એક ભાગ. એંધાણ વિશેષ-ભાવમાં પરિણમે તો લોકેષણા ને આત્મવંચનાના, જીવને પડતા છેલ્લા ચાબખા, જેનાથી મરણ વહેલું આવે કે પાછું ઠેલાય, અને થૂંકેલું ચાટવું પડે !

પોતાનું મહત્ત્વ વધારવા, લૌકિક નીમ-ગુરુઓએ વહેતો મૂકેલો એક મિથ્યા વિચાર : રોગ [illegible] સમયે ને સ્થળે, પોતાની ઇચ્છા મુજબનું મરણ !

Acc. No. 130281
Date 10-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

Library IIAS, Shimla
GJ 891.478 M 474 A
00130281

દસ રૂપિયા

SABARMATI ASHRAM
001046 Ahmedabad
APANI ANMOL SAPDA
(GUJ)
MRP:Rs.10